RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ ● વર્ષ: ૧૪ ● અંક: ૧૯૮● તારીખ: ૨૯-૧૦-૨૦૨૫,બુધવાર● પાના : ૮ ● કિંમત : ૧.૫૦=૦૦ રૂપિયા ● વાર્ષિક લવાજમ રૂ.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# આઠમા પગાર પંચની રચનાને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી




કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચની રચના કરી દીધી છે. આજે ઔપચારિક રૂપે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપવામાં આવી છે. આઠમું પગાર પંચ લાગુ થયા પછી દેશના ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૯ લાખ પેન્શનરોને લાભ મળશે. આઠમા પગાર પંચની કામગીરી માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષ પદે નિમણૂક કરવામાં આવી છે. આ અંગે આઠમું પગાર પંચ ૧૮ મહિનામાં ભલામણ રિપોર્ટ રજૂ કરશે. કેન્દ્ર સરકાર દ્વારા આઠમા પગાર પંચની જાહેરાત કર્યાના દસ મહિના બાદ અંતે તેની રચના માટે મંજૂરી મળી છે. જો કે, આ પેનલમાં કોણ સામેલ થશે તેની જાહેરાત કરવામાં આવી નથી. નેશનલ કાઉન્સિલ જોઈન્ટ કન્સલ્ટેટિવ મશીનરીના પ્રતિનિધિ (સ્ટાફ) શિવ ગોપાલ મિશ્રાએ જણાવ્યું કે, આઠમું પગાર પંચ લાગુ કરવામાં વિલંબ થઈ શકે છે, પરંતુ તેનો અમલ ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી જ ગણાશે. જો તેમાં વિલંબ થશે તો કર્મચારીઓનું એરિયર ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી જ ગણવામાં આવશે. હાલમાં જ સેન્ટ્રલ સેક્રેટરેટ સર્વિસ ફોરમે (CSSF) વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી આઠમા પગાર પંચ મામલે ઝડપથી કામગીરી કરવા દબાણ કર્યું હતું. કર્મચારી યુનિયને નોંધ્યું હતું કે, સાતમા પગાર પંચની રચના તેના અમલના બે વર્ષ પહેલાંથી જ શરુ થઈ ગઈ હતી. તેના અમલ પહેલા તેમાં વ્યાપક રિસર્ચ અને ભલામણો લેવા પર્યાપ્ત સમય લેવામાં આવ્યો હતો. પરંતુ આઠમું પગાર પંચ જાન્યુઆરી, ૨૦૨૫થી લાગુ થઈ રહ્યું હોવા છતાં કેન્દ્ર સરકાર તરફથી તે સંદર્ભે કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. પગાર પંચની રચના અને અમલીકરણના ઈતિહાસને ધ્યાનમાં લઈએ તો આઠમા પગાર પંચની સંપૂર્ણ રચના અને અમલમાં બે વર્ષનો સમય લાગી શકે છે. જો નવેમ્બર, ૨૦૨૫માં આઠમા પગાર પંચની નોટિફિકેશન જાહેર કરવામાં આવે તો ૨૦૨૭ના અંત સુધી તેની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થશે, અને તેનો અમલ જાન્યુઆરી, ૨૦૨૮થી થશે. જો કે, સરકારી સૂત્રો અનુસાર, અમલમાં ભલે વિલંબ થાય, પણ સરકારી કર્મચારીઓને તમામ લાભ ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી મળશે.

## ધારેશ્વર ગામની ધાતરવડી નદીમાં ૪ યુવાનો ડૂબ્યા, શોધખોળ શરૂ



અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ધારેશ્વર ગામની ધાતરવડી નદીમાં ન્હાવા પડેલા ૪ યુવાનો ડૂબ્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે. હાલ પોલીસની ટીમ, કોસ્ટગાર્ડની ટીમ અને મામલતદાર ઘટના સ્થળે પહોંચ્યા છે. નદીમાં ડૂબેલા યુવાનોની શોધખોળ હાથ ધરાઈ છે. ધારાસભ્ય હિરા સોલંકી પણ યુવાનોની શોધખોળ માટે નદીના પાણીમાં ઉતર્યા છે. આ ઘટના અંગે ઈન્ચાર્જ મામલદાર ભગીરથ ચૌહાણે જણાવ્યું હતું કે, 'નદીમાં ચાર યુવાનો ડૂબ્યા હોવાની માહિતી મળતા અમે ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી છે. કોસ્ટગાર્ડ અને અન્ય ટીમો પણ બોલાવવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, ડૂબેલા યુવાનો રાજુલાના બર્બટાણાના હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. ડૂબેલા યુવાનોમાં કાના ખીમાભાઇ પરમાર, મેરામ ખીમાભાઇ પરમાર, ભરત ખીમાભાઇ પરમાર અને પીન્ટુ પાછાભાઈ વાઘેલા હોવાનું જણાઈ રહ્યું છે.

## જામનગરના જુના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આજે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાઈ, ફલાય ઓવર બ્રિજ નીચેથી ૪૦ ઝૂંપડાઓ હટાવાયા





જામનગરના જુના રેલવે સ્ટેશન નજીક નવા બની રહેલા ફ્લાયઓવરની નીચે સંખ્યાબંધ ઝુંપડાઓ ખડકાઈ ગયા હોવાથી અને ન્યુસન્સ ફેલાવતા હોવાથી આજે સવારે જામનગર મહાનગરપાલિકાનું તંત્ર સતર્ક બન્યું હતું, અને પોલીસ ટીમની મદદ લઈને ભારે સંઘર્ષ બાદ અનેક ઝુંપડા સહિતના માલ સામાનને જપ્ત કરી લઈ મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવાયો છે.

જામનગરમાં અંબર ચોકડી નજીક જુના રેલ્વે સ્ટેશન પાસેના વિસ્તારમાં નવા બંધાઈ રહેલા ફલાય ઓવર બ્રિઝ નીચે છેલ્લા કેટલાક સમયથી ઝુંપડાઓ ખડકાઈ ગયા છે અને ત્યાં ઝુંપડાવાસીઓ ન્યુસન્સ ફેલાવતા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. કેટલાક શખ્સો દ્વારા દેશી દારૂની પણ પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હોવાની ફરિયાદો મળ્યા પછી આજે જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા અને સિટી બી. ડિવિઝનની પોલીસ ટીમ દ્વારા સંયુક્ત રીતે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી, અને એકી સાથે ૪૦ જેટલા દબાણ કર્તાઓના ઝુંપડા વગેરે ખસેડી લેવામાં આવ્યા છે, અને તેઓનો તમામ માલસામાન જપ્ત કરીને મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવાયો છે.આ કામગીરી વખતે ભારે સંઘર્ષ થયો હતો, અને ઝુંપડાવાસીઓ ભારે દ્વારા દેકારો કરવામાં આવ્યો હતો, પરંતુ પોલીસ તંત્ર અને મહાનગરપાલિકાની ટીમ દ્વારા કોઈપણ પ્રકારની મચક આપ્યા વિના તમામનો સમાન જપ્ત કરીને જુદા જુદા વાહનો મારફતે મહાનગરપાલિકાની કચેરીમાં લઈ જવાયો છે, અને ઓવરબ્રિઝ નીચેનો હિસ્સો ખુલ્લો કરાવવામાં આવી રહ્યો છે.

## વીરપુરના સંત જલારામ બાપાની ૨૨૬મી જન્મ જયંતિ માટે સુરતના મંદિરોમાં તડામાર તૈયારી



સુરત સહિત સમગ્ર ગુજરાતમાં કમોસમી વરસાદની આફત વરસી રહી છે તો બીજી તરફ સુરત શહેરના મંદિરોમાં સૌરાષ્ટ્રના સંત જલારામ બાપાની ૨૨૬ મી જન્મ જયંતીની ઉજવણી તડામાર તૈયારી થઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે તો બીજી તરફ ભક્તોની શ્રદ્ધા અડગ જોવા મળી રહી છે આવતી કાલે બાપાની જન્મ જયંતી છે તે પહેલા જલારામ મંદિરોને શણગારવામાં આવી રહ્યા છે અને વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. પૂજ્ય જલારામ બાપાની ૨૨૬મી જન્મજયંતિની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા માટે બાપ્પાના ભક્તો અને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. હાલ સુરતમાં વરસાદી માહોલ હોવા છતાં પણ શહેરના મંદિરોમાં જલારામ જયંતિ ઉજવણી માટે રંગબેરંગી લાઈટ, કમાનો, ધજા, તોરણો બાંધીને શણગારવામાં આવી રહ્યા છે.સુરતના બાલાજી રોડ પર આવેલા જલારામ મંદિરમાં જલારામ જયંતિના દિવસે મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા આવે છે તેના માટે આજથી જ તૈયારી કરી દેવામાં આવી છે. જેમાં અન્નકૂટ, આરતી સાથે ભંડારો અને વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મીની બજારમાં પટેલ સમાજની વાડીમાં સંગઠન દ્વારા જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવશે.

## ઝારખંડમાં છઠ પૂજામાં ૫ બાળકો ડૂબ્યાં, બે દિવસમાં કુલ ૧૧ મોત

ઝારખંડમાં સોમવારે છઠના પવિત્ર પર્વ નિમિત્તે પૂજા દરમિયાન વિવિધ સ્થળોએ પાંચથી વધુ બાળકો ડૂબ્યા હોવાના અહેવાલ છે. જેના કારણે છેલ્લા બે દિવસમાં રાજ્યમાં ડૂબીને મૃત્યુ પામેલા કુલ મૃત્યુઆંક ૧૧ થયો છે. પોલીસે જણાવ્યું હતું કે છઠ પૂજા દરમિયાન ડૂબીને મૃત્યુ પામનારા મોટાભાગના લોકો ડૂબી ગયા હતા. સોમવારે એક સગીર અને બે પુરુષો પણ જળાશયોમાં ડૂબ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે હજારીબાગ, ગઢવા અને સિમડેગા જિલ્લામાં પાંચ



બાળકોના મોત થયા હતા. રવિવારે સિમડેગા અને પલામુ જિલ્લામાં છ બાળકો ડૂબી ગયા હતા.

તંત્રી લેખ......

## સોના-ચાંદીને ખરીદીને ઘરમાં ના મુકી રાખો, એક્સપર્ટ એ કહ્યું આ છે મોટું રિસ્ક !

ભારતીય ઘરોમાં સોના અને ચાંદીનું ખૂબ મૂલ્ય છે. તેમને માત્ર ઘરેણાં તરીકે જ નહીં પરંતુ સલામત રોકાણ વિકલ્પ તરીકે પણ જોવામાં આવે છે. ભારતના દરેક ઘરમાં સોનું અને ચાંદી ખરીદીને લોકો તેને ભવિષ્યમાં કામ લાગશે તેમ માનીને મુકી રાખે છે, પણ એક્સપર્ટ કહે છે કે સોના-ચાંદી ખરીદીને ઘરમાં ના રાખી મુકો. તો કેમ અને શા માટે આમ એક્સપર્ટ કહી રહ્યા છે ચાલો જાણીએ. સોનું સલામત લાગે છે કારણ કે તમે તેને સ્પર્શ કરી શકો છો. પરંતુ મોટાભાગના લોકો માટે, ફિઝિકલ સોનું રોકાણ નથી. તે ભાવનાત્મક ખરીદી છે, અને ભાવનાત્મક રીતે સંચાલિત રોકાણ ઘણીવાર ઘણા ચાર્જિસ સાથે આવે છે જે ખરેખર ભવિષ્યમાં તમારા નફાને ઘટાડી દે છે.

વધુ પડતા ફિઝિકલ સોના અને ચાંદીમાં રોકાણ ટાળવું જોઈએ. સ્માર્ટ અભિગમ ડિજિટલ રોકાણ છે. ફિઝિકલ સોનું અને ચાંદી ખરીદવાનો અર્થ છૂટક કિંમત ચૂકવવાનો છે, જેમાં ડીલરનું માર્જિન, ૩% જીએસટી અને, દાગીનાના કિસ્સામાં, ૫% થી ૮% મેકિંગ ચાર્જનો સમાવેશ થાય છે. જો કે, જ્યારે તમે તે સોના કે ચાંદીને વેચવા જાવ છો, ત્યારે તમને જથ્થાબંધ ભાવ મળે છે, એટલે કે વેચાણ સમયે સોના અને ચાંદીની કિંમત ઘણી ઘટી જાય છે. આમ એક રીતે તમારા માટે નુકસાન બરાબર જ છે.

એક્સપર્ટ સમજાવે છે કે , જો તમે પ્રતિ કિલોગ્રામ રૂ. ૧.૨૨ લાખના ભાવે સોનું ખરીદો છો અને બીજા દિવસે તેને વેચો છો, તો તેની કિંમત રૂ. ૧.૧૮ લાખ થાય છે, જેનો અર્થ થાય છે કે બજારમાં કોઈ પણ વધઘટ વિના પણ તમને તાત્કાલિક રૂ. ૪,૦૦૦નું નુકસાન થાય છે.

તેનાથી વિપરીત, ડિજિટલ સોનું, ચાંદીના ETF અને મ્યુચ્યુઅલ ફંડમાં ખૂબ જ ઓછા ચાર્જ હોય છે, જે સામાન્ય રીતે રૂ. ૦.૫ થી રૂ. ૨ પ્રતિ ગ્રામ (રૂ. ૫૦૦ થી રૂ. ૨૦૦૦ પ્રતિ કિલોગ્રામ) સુધીના હોય છે. તેઓ મેકિંગ ચાર્જ પણ લેતા નથી અને સરળ લિક્વિડિટી ઓફર કરે છે. રોકાણકારોને વાર્ષિક મેનેજમેન્ટ ચાર્જ પણ ચૂકવવો પડી શકે છે, પરંતુ કુલ ખર્ચ ભૌતિક ખરીદી અને વેચાણ કરતા ઘણો ઓછો હોય છે.

રિસ્ક પણ છે કે ફિઝિકલ સોનાને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવાની જરૂર પડે છે, ઘણીવાર બેંક લોકરમાં, જ્યાં વાર્ષિક ચાર્જ રૂ. ૧,૦૦૦ થી રૂ. ૧૦,૦૦૦ સુધીના હોય છે, જે સ્થાન અને કદના આધારે હોય છે. સમય જતાં આ ખૂબ મોંઘુ બની શકે છે.

એક્સપર્ટ એમ કહે છે કે જ્યારે તમારી સંપત્તિ લોકરમાં બંધ હોય છે, ત્યારે તમે ક્યારેય સંપૂર્ણપણે શાંતિથી રહી શકતા નથી. ચોરી જેવુ નુકસાન એ બધી વાસ્તવિક ચિંતાઓ છે.ડિજિટલ સોનું અને ચાંદી આ બોજને હળવો કરે છે. ગોલ્ડ ETF અથવા ડિજિટલ ગોલ્ડ પ્લેટફોર્મમાં રોકાણ વીમાકૃત અને ઓડિટેડ વોલ્ટ દ્વારા સમર્થિત હોય છે. રોકાણકારો ઈલેક્ટ્રોનિક રીતે ધાતુના માલિક હોય છે....

## આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સંઘની ગુજરાત ટીમે નેત્રંગમાં શોષિત મહિલાની મુલાકાત લીધી, ન્યાય અપાવવાની ખાતરી



રાજેશ પરમાર -આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સંઘ (IMHASS)ની ગુજરાત પ્રદેશ ટીમે ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં એક શોષિત મહિલાની રૂબરૂ મુલાકાત લીધી હતી.સંઘના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી રાજેશ ચામઠા અને મહિલા પ્રદેશ અધ્યક્ષ શ્રીમતી શોભનાબેન ડામોરની આગેવાની હેઠળની ટીમે મહિલા અને તેના પરિવારને મળીને આશ્વાસન આપ્યું હતું. સંઘ દ્વારા મહિલાને ન્યાય અપાવવા માટે જરૂરી કાયદાકીય પગલાં ભરવામાં આવશે. આ બાબતે ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અને નેત્રંગ પોલીસ મથકને રૂબરૂ કે પત્ર દ્વારા જાણ કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.-અખંડ ભારત

## લુણાવાડા તાલુકામાં અચાનક માવઠાથી ડાંગરના પાકને મોટો ફટકો, ખેડૂતો ચિંતિત

જયેશ તલાર -મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વાણીયાવાળા ગોરાડા, સોનિયાના મુવાડા, વેચાતના મુવાડા સહિતના વિસ્તારોમાં થયેલા અચાનક કમોસમી વરસાદ (માવઠા)થી ખેતીને મોટો ફટકો પડ્યો છે.હાલમાં કાપણીના તબક્કે પહોંચેલા ડાંગરના પાકને આ અણધાર્યા વરસાદને કારણે મોટું નુકસાન થયું છે. કાપણી કરીને ખેતરમાં રાખેલા ડાંગરમાં પાણી ભરાઈ જવાથી પાક બગડી જવાની સ્થિતિ સર્જાઈ છે, જેના લીધે ઉત્પાદન ઘટવાની શક્યતા છે.ખેડૂતોએ દુઃખ વ્યક્ત



કરતાં જણાવ્યું કે આખા વર્ષની મહેનત પર પાણી ફરી વળ્યું છે. ખેડૂતોએ સરકાર પાસે યોગ્ય સહાયની અપેક્ષા વ્યક્ત કરી છે.-અખંડ ભારત

## કાલાવડના ડુંગરાળી દેવરીયા ગામે વીજતાર ત્રાટકતા ગમખ્વાર દુર્ઘટના, ત્રણ વ્યક્તિઓના કરુણ મોત



સુરેશ આંબલીયા -જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ડુંગરાળી દેવરીયા ગામે તારીખ ૨૮/૧૦/૨૦૨૫ ના રોજ એક ગોઝારી દુર્ઘટના બની હતી. ગામના એક ગરીબ પરિવારના તબેલા પરથી પસાર થઈ રહેલી વીજ લાઇનનો તાર અચાનક ત્રાટકતા વીજ કરંટ લાગવાથી ત્રણ વ્યક્તિઓના કરુણ મોત નીપજ્યા છે.આ દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અને મૃતકના પરિવારમાં ભારે શોક છવાઈ ગયો છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.-અખંડ ભારત

## NDPS કેસમાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

લિમ્બાચીયા શંભુભાઈ -અમદાવાદ રેન્જ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિધી ચૌધરી અને પોલીસ અધિક્ષક શ્રી ઓમ પ્રકાશ જાટની સૂચના મુજબ અમદાવાદ ગ્રામ્ય SOGની ટીમે બગોદરા પોલીસ સ્ટેશનના NDPS એક્ટના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે.પો.ઈન્સ. શ્રી એસ.એન. રામાણીના માર્ગદર્શન હેઠળ SOG સ્ટાફને મળેલી સંયુક્ત બાતમીના આધારે, આરોપી નીતિનભાઈ નારણભાઈ સરાહા (રહે. ભાવનગર, મૂળ ગામઃ ગાંફ, તા. ધોલેરા, જિ. અમદાવાદ) ને સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાના કટારીયા ગામેથી ઝડપી




લેવામાં આવ્યો હતો.આરોપીની અટકાયત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે કોઠ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.-અખંડ ભારત

## ધોળકામાં યુવતીની હત્યાનો ભેદ ઉકેલાયોઃ દુષ્કર્મનો પ્રયાસ અને બોલાચાલી બાદ ગળું દબાવી હત્યા કરનાર આરોપી ઝડપાયો



લીમ્બાચીયા શંભુભાઈ -અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે ગત તા. ૧૯-૧૦-૨૦૨૫ના રોજ ચીખલી તળાવ રોડ પરથી મળી આવેલા યુવતી નર્મદાબેન અદાભાઈ વાઘેલા (દેવીપૂજક)ના મૃતદેહની હત્યાનો ભેદ અમદાવાદ ગ્રામ્ય LCB, SOG અને ધોળકા ટાઉન પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢ્યો છે.પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથામાં ગંભીર ઈજા અને ગળું દબાવવાથી મોત થયાનું ખૂલ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સના આધારે પોલીસે આરોપી નવઘણ ઉર્ફે કાળુ બાબુભાઈ દેવીપૂજક (રહે. ધોળકા, મૂળ રહે. શાહપુર) ને ઝડપી પાડ્યો હતો.આરોપીએ કબૂલાત કરી હતી કે, તેણે યુવતી સાથે દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો અને આ દરમિયાન થયેલી બોલાચાલીમાં ધક્કો મારતાં યુવતીને માથામાં ઈજા થઈ હતી. ત્યારબાદ તેણે યુવતીના દુપટ્ટા વડે ગળું દબાવીને તેની હત્યા કરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટના મોનિટરીગ હેઠળ ફરજ, LCB, SOG અને સ્થાનિક પોલીસની ટીમો દ્વારા કરવામાં આવી હતી.-અખંડ ભારત

# મોરે મન પ્રભુ અસ વિશ્વાસા, રામશે અધિક રામ કર દાસા.. જપો નામ જલીયાણનું, કરે પાપ નાશા, કર જોડી મોહન કહે, રાખો દ્રઢ વિશ્વાસા...




(અંક નંબર ૪૯૫)

વીરપુર જાવું કે સતાધારે જાવું,
અરે હાલ તને હાલ મારો રામ બતાવું.....

અરે...સૌરાષ્ટ્રએટલે કે કાઠીયાવાડની ભૂમિ પર જ્યાં જાઓ ત્યાં પ્રભુચરણ રજ જોવા મળશે જ.....જલારામ બાપાની જગ્યા વિરપુરમાં ત્રણ મહાન પર્વ ઉજવાય છે . એક રામ નવમી , બીજી જનમાષ્ટમી અને ત્રીજી કારતક સુદ સાતમ – તે પૂજ્ય જલારામ બાપાની જન્મ જયંતિ ખૂબજ ધામધૂમથી ઉજવાય છે .

આવા પ્રભુપદને પામેલા ભક્તરાજ શ્રી જલાબાપા ૮૧ વર્ષનું આયુષ્ય ભોગવી સંવત ૧૯૩૭ ના મહાવદ ૧૦ના રોજ ગૌલોક પામ્યા. પહેલા માતાજી ૧૯૩૫માં નિજધામ પધાર્યા. આવા પભુના સાક્ષાત્કાર પામેલા શ્રી જલારામબાપા અમર છે. અને તેનું સ્થાપેલું સદાવ્રત આજે પણ ચાલુ છે. જલારામના દેહાંત પછી તેમના દિકરી જમનાબાઈ ના દિકરા કાળાભાઈ અને કાળાભાઈના દિકરા હરીરામને ઉતરાધિકારી નીમેલા. સંવત ૧૯૬૮માં હરીરામજી યાત્રામાં ગયેલા અને મથુરામાં કોલેરા થવાથી સ્વર્ગવાસ થયા. ત્યારબાદ મોંઘીબાઈએ કારભાર સંભાળેલ ત્યારબાદ વજુભાઈ વ્યવસ્થા રાખતા અને તેના પછી ગીરધરરામજી મહારાજે તેમના પૂર્વજોની ગાદી સંભાળેલ અને તેમના દેહાંત પછી જયસુખરામ સંચાલન કરે છે.આજે વિરપુરમાં જ ૮ થી ૧૦ અતિથી ગૃહ છે.

અત્યારે વીરપુરમાં જ્યાં મંદિર છે તે એક સમયે જલારામ બાપાના કામનું સ્થળ હતું. આ ખરેખર તો એક ઘર છે જેમાં જલારામ બાપા તેમના જીવનકાળ દરમિયાન રહ્યા હતા. આ ઘરમાં જલારામ બાપાની ચીજોનો સંગ્રહ છે સાથે જ રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાનજીની પ્રતિમા છે. વાયકા મુજબ ભગવાન દ્વારા અપાયેલા ઝોલી અને દંડ પણ ડિસ્પ્લેમાં મૂકાયા છે. આ મંદિરનું મુખ્ય આકર્ષણ જલારામ બાપાનો બ્લેક એન્ડ વ્હાઈટ ફઓટો છે જે તેમના મૃત્યુના એક વર્ષ પહેલા લેવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૦થી આ મંદિરે ડોનેશન સ્વીકારવાનું પણ બંધ કરી દીધુ છે છતાંય અહીં રોજ હજારો શ્રદ્ધાળુઓને મફત પ્રસાદનું વિતરણ થાય છે. પ્રસાદમાં સવારે ગાંઠિયા બુંદી અને શાક તથા સાંજે ખીચડી-કઢી અને દેસી ઘી આપવામાં આવે છે.

વિક્રમ સંવત ૧૮૭૪ ચારે ધામ ની જાત્રા કરી..,ફતેપુર ના ભક્ત શ્રી ભોજલરામ પાસે ગુરૂ કંઠી બંધાવી.વિક્રમ સંવત ૧૮૭૬ મહા સુદી બીજ તારીખ ૧૮/૧૧/૧૮૨૦ સોમવાર ના શુભ દિવસે સદાવ્રત ની શરૂઆત કરી હતી. જે આજે પણ ચાલુ છે.

સંવત-૧૮૮૬ સાધુ સ્વરુપે ભગવાન આવ્યા વીરબાઇ મા ની માંગણી કરી છેવટે ઝોળી ધોકો આપ્યા..

સંવત :-૧૯૦૧ જામનગર મહારાજા રણમલ જી ના દરબાર માં બાપા ના હાથે વસ્ત્ર દાન વસ્ત્રો ખુટયા જ નહી.

સંવત :-૧૯૩૪ થાણા ગાલોળ ગામ ના જીવરાજ વડાલિયા ની ખાલી કોઠીયો બાપા ની લાકડી ના સ્પર્શ થી અનાજ થી ભરાઇ ગઇ...

સંવત :-૧૮૩૫ કારતક વદી નોમ સોમવાર તારીખ-૧૮/ ૧૧/૧૮૭૮ વીરબાઇ માં નો વૈકુંઠ વાસ.

સંવત :-૧૮૩૭ મહા વદી દશમ બુધવાર તારીખ-૨૩/ ૦૨/૧૮૮૧ ભજન ગાતા ગાતા ૮૧ માં વર્ષ એ શ્રી જલારામ બાપા નો વૈકુંઠ વાસ.

હા, જલારામબાપા લોહાણા રઘુવંશી છે. શ્રી રામના પુત્ર લવ એ લોહાણાઓના આદિપિતા. ક્ષત્રિયોની ૧૮ શ્રેણીઓમાંથી એકનું નામ હતું લવાન. બહુવચન ‘લવાનામ્ આ ‘મ્ નો લોપ થયો, લવાનામાંથી લવાણા થયું. પછી લુહાણા, લોહારણા...લોહાણા કાળક્રમે થતું ગયું.લોહણામાં દરેક પાંચમા માણસને ‘કાકુભાઈ’ કહી શકાય! કાકુ શબ્દ ક્યાંથી આવ્યો છે એ અભ્યાસનો વિષય છે ભગવાન રામને માટે પણ સંસ્કૃતમાં કાકુત્સ્થ શબ્દ વપરાય છે.લોહાણાઓએ ઘણા સંતો, દાતાઓ, વીરો અને વીરાગંનાઓ પેદા કર્યા છે, આજે પણ કોઈ લોહાણા પરિવાર જોઈએ તો હિંમત વાન વીર વીરાંગનાઓનાં દર્શન થાય જ છે! આ સમાજમાં ટેકીલા પણા ની ભરપૂર હિંમત, પછી એ ભક્તિની, વ્યાપારની, સોદાગરની હોય કે શૂરવીરની હોય, કચ્છમાં હોય, કલકત્તામાં હોય કે કમ્પાલમાં હોય, લોહાણા માટે પ્રાકૃતિક છે. હજાર વર્ષ પહેલાં પણ હતી, આજે પણ છે, સો વર્ષ પછી પણ હશે. માત્ર હિંમતની અને ટેકની રસમ બદલાઈ છે બાકી તેમના લોહીની તાસીર એ જ છે.

હજાર વર્ષના આ લડાયક ઈતિહાસે લોહાણા પ્રજાને ભક્તિ, વ્યાપાર અને સખાવત, સોદાગરી માટે ટકી રહેવાની એક અખૂટ હિંમત આપી છે જે આજે પણ વિશ્વના જુદાં જુદાં ક્ષેત્રોમાં જોવા મળે છે.આરંભે શૂરા ગુર્જરો’વાળો કટાક્ષ કદાચ લોહાણા સમાજને લાગુ પડતો નથી. જે લગન અને નિષ્ઠાથી લોહાણા સંસ્થાઓ વિશ્વભરમાં કામ કરતી રહે છે એ સમજવા માટે એક અભ્યાસલેખ લખવો પડે! ગુજરાત-કાઠિયાવાડ-કચ્છમાં તો લોહાણા સંસ્થાઓ ગામેગામ છે જ, મુંબઈ અને ઉપનગરોમાં લોહાણા સખાવતોના ફળસ્વરૂપ ઊભી થયેલી સંસ્થાઓ અજાણ નથી, પણ આફ્રિકા- યુગાન્ડા, અરબસ્તાન...કિસુમુમાં લોહાણા કન્યા છાત્રાલય છે! દારેસલામમાં હિન્દુ નર્સરી સ્કૂલ છે અને દૂર ઓરિસ્સાના બ્લાગીટમાં લોહાણાઓનું ગાંધી અધ્યયન મંદિર પણ ચાલે છે. કોચીનમાં મોંઘીબાઈ ધર્મશાળા હોય તો મથુરામાં ગંગાબાઈ ધર્મશાળા છે. એકલા કરાંચીમાં ૧૧ લોહાણા સંસ્થાઓ ચાલે છે અને નાસિક-ત્ર્યંબકમાં ૧૬ લોહાણા ધર્મશાળાઓ છે! લોહાણા મહાજનો વિશે તો ‘કમાલ’ શબ્દ બોલીને જ અટકાવું છું. દેશમાં ૪૧ વિદ્યાર્થીભવનો અને છાત્રાલયો છે અને ૪ આફ્રિકામાં છે, છતાં લોહાણાઓ માટે એ બહુ મોટી વાત નથી. પણ કેટલાં બધાં વર્ષોથી આ સંસ્થાઓ ચાલે છે એ વાંચતાં આંખ ફાટી જાય છે! રાજકોટના ગોંડલ રોડની લોહાણા બોંડિંગ હાઉસનું સ્થાપના વર્ષ ૧૮૯૬ છે. એ સમાજના પનોતા પુત્ર અને ભગવાન સમાન ટેકીલા ભક્ત એવા સંત શિરોમણી જલારામબાપા નું સદાવ્રત એટલે જગત માટે પ્રભુ પ્રસાદીની અઢળક સંપત્તિ સમાન છે જે અદ્રશ્ય દાતા ઓ દ્વારા અવિરત ચાલી રહ્યું છે એ પણ એક અચરજ છે.. રામે... રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ

## ઉમરગામમાં સ્થાનિક રોજગાર અને પ્રદૂષણના મુદ્દે AAP ના મનીષ હળપતિ મેદાને: મુખ્યમંત્રીને લેખિત રજૂઆત



ચૌહાણ રામલખન - વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આવેલી GIDC અને કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગાર ન મળતા, આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ મનીષ હળપતિએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિતમાં રજૂઆત કરી છે.તેમણે જણાવ્યું કે ઉદ્યોગો માટે સ્થાનિકોએ જમીનો આપી હોવા છતાં કાયમી રોજગાર મળતો નથી.

તેના બદલે કંપનીઓ પ્રદૂષિત કેમિકલયુક્ત પાણી છોડી ખેતીની જમીન અને પીવાના પાણીને બગાડી રહી છે. વધુમાં, કંપનીઓ સ્થાનિકોને કોન્ટ્રાક્ટ પર રાખીને ૧૨-૧૨ કલાક કામ કરાવે છે, PF/ESI જેવી સુવિધાઓ આપતી નથી અને દિવાળી જેવા તહેવારોમાં બોનસ ન આપવું પડે તે માટે કામદારોને 'બ્રેક' આપીને છૂટા કરી શોષણ કરે છે. મનીષ હળપતિએ ચીમકી ઉચ્ચારી છે કે જો સ્થાનિક કામદારોને ન્યાય નહી મળે, તો આવનારા દિવસોમાં આંદોલન કરવામાં આવશે.-અખંડ ભારત

## મોટીખીલોરી ગામને લોકસાહિત્યકાર મનસુખભાઈ વસોયા પરિવાર તરફથી માતૃભેટ: રળીયતબાની યાદમાં સુંદર નમૂનેદાર બસ સ્ટેન્ડનું લોકાર્પણ




મોટીખીલોરી (ગોંડલ): ગોંડલ તાલુકાના મોટીખીલોરી ગામનું ગૌરવ એવા જાણીતા લોકસાહિત્યકાર મનસુખભાઈ વસોયા અને તેમના પરિવારે આજે નવા વર્ષના શુભ દિને ગામને એક અમૂલ્ય ભેટ આપી છે. મનસુખભાઈ વસોયા અને તેમના પરિવારે તેમના દિવંગત માતુશ્રી રળીયતબા વસોયાની સ્મૃતિમાં ગામમાં એક અતિ સુંદર અને નમૂનેદાર બસ સ્ટેન્ડનું નિર્માણ કરાવ્યું છે.નવા વર્ષના પવિત્ર અવસરે આજે આ નવનિર્મિત બસ સ્ટેન્ડને વિધિવત રીતે ગ્રામજનોને અર્પણ કરવામાં આવ્યું હતું. વસોયા પરિવાર તરફથી આપવામાં આવેલી આ માતૃભેટ ગામની શોભામાં વધારો કરશે અને મુસાફરો માટે આશીર્વાદરૂપ બનશે.મોટીખીલોરી ગામના લોકસાહિત્યકારનું આ પગલું પ્રેરણાદાયી છે. પોતાના માતુશ્રીની યાદને જીવંત રાખવા અને ગામના વિકાસમાં યોગદાન આપવાનો તેમનો આ પ્રયાસ ખૂબ જ સરાહનીય છે. ગ્રામજનોએ આ સુંદર બસ સ્ટેન્ડ માટે મનસુખભાઈ વસોયા અને તેમના સમગ્ર પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

## ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે નવનિયુક્ત મંત્રીશ્રીઓને નૂતન વર્ષની શુભેચ્છા મુલાકાત લીધી



વખતસિહ પરમાર - નવા વર્ષના શુભારંભે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રતિનિધિ મંડળે રાજ્યના નવનિયુક્ત મંત્રીમંડળની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સંઘના હોદ્દેદારોએ મંત્રીશ્રીઓને નૂતન વર્ષના હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને સાથે જ શિક્ષણ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સહકારાત્મક ચર્ચા કરી હતી.આ શુભેચ્છા મુલાકાતમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી જૈમીનભાઈ પટેલ, સિનિયર ઉપપ્રમુખ વિક્રમસિંહ ગરાસીયા સહિતના અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સંઘના પ્રતિનિધિ મંડળે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, શિક્ષણ રાજ્ય કક્ષા મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા સહિત મત્સ્ય અને કૃષિ સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, કાયદા મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, નાણાં મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ અને મહેસૂલ મંત્રી શ્રી સંજયસિંહ મહિડાની સૌજન્ય મુલાકાત લીધી હતી.નૂતન વર્ષના અભિનંદન આપવાની સાથે સંઘે શિક્ષણ જગતને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ પર મંત્રીશ્રીઓ સાથે હકારાત્મક સંવાદ કર્યો હતો.-અખંડ ભારત

## સક્રોઈના કુહા ગામમાં કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન: ડાંગરનો પાક અને પશુ આહાર બગડ્યો, જગતનો તાત ચિંતામાં



લક્ષ્મીબેન બારૈયા - દસક્રોઈ તાલુકાના કુહા ગામના ખેડૂતો હાલમાં અત્યંત ચિંતાજનક સ્થિતિનો સામનો કરી રહ્યા છે. નવરાત્રી પછી થયેલા પાછોતરા વરસાદના કારણે જમીનમાં ભરાયેલા ભેજ અને ત્યારબાદ દિવાળીના તહેવારો પછી શરૂ કરાયેલી ડાંગરની કાપણીમાં કમોસમી વરસાદે મોટું નુકસાન પહોંચાડ્યું છે.ખેતરોમાં કાપીને તૈયાર રાખવામાં આવેલો ડાંગરનો પાક સતત વરસાદને કારણે પલળી ગયો છે. ખેડૂતો પોતાના પલળેલા પાકને સૂકવવા માટે આમતેમ ઉથલપાથલ કરતા જોવા મળી રહ્યા છે, પરંતુ નુકસાન એટલું છે કે ડાંગરના દાણા પણ અંકુરિત થઈ ગયા છે, જેની બજાર કિંમત લગભગ શૂન્ય થઈ જશે.આર્થિક નુકસાનની સાથે બીજો ફટકો એ છે કે ડાંગરનું ઘાસ (પૂરીયા-પરાળ) પણ કોહવાઈ ગયું છે અને હવે તે ગાયો-ભેંસોને ખવડાવવા લાયક પણ રહ્યું નથી. ચાર મહિનાની દિવસ-રાતની મહેનત અને ખર્ચ પર પાણી ફરી વળતા ખેડૂતો અત્યંત દુ:ખ અને લાચારીની લાગણી અનુભવી રહ્યા છે.

ખેડૂતોની વ્યથા એ છે કે એક તરફ કુદરતી આપત્તિથી પાકને નુકસાન થાય છે અને જો પાક બચી પણ જાય તો બજારમાં વેપારીઓ દ્વારા નક્કી કરાયેલા પોષણક્ષમ ભાવ વગરના દરે વેચવાની ફરજ પડે છે.

જોકે, જગતનો તાત માત્ર આગામી સિઝનમાંથી નુકસાન ભરપાઈ કરવાની આશા સાથે પરિસ્થિતિ સામે ઝઝૂમી રહ્યો છે. કુહાના ખેડૂતોએ સરકાર તાત્કાલિક સર્વે કરી સહાય જાહેર કરે તેવી માંગ કરી છે.-અખંડ ભારત

## દાહોદના નેલસૂર-વડવા માર્ગ પર પુલ ન હોવાથી હાલાકી: કિચડ અને નદીના પ્રવાહમાં વાહનો ફસાય છે, પુલ બનાવવાની ગ્રામજનોની માંગ



પરેશ અમલીયાર - દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નેલસૂર, ઉંબેરી માળ ફરિયા થઈને વડવા તરફ જતા માર્ગ પર પુલના અભાવે ગ્રામજનો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.આ માર્ગ પરથી એક નદી પસાર થાય છે, જ્યાં પુલ ન હોવાને કારણે વરસાદના કારણે રસ્તો કાદવ-કિચડવાળો અને લપસણો બની જાય છે. પરિણામે, નાના-મોટા વાહનો નદીના પ્રવાહમાં કે કિચડમાં ફસાઈ જાય છે.સ્થાનિક ગ્રામજનોની મુખ્ય માંગ છે કે અહીં તાત્કાલિક પુલનું નિર્માણ કરવામાં આવે. ગ્રામજનોએ ચિંતા વ્યક્ત કરી છે કે જો કોઈના ઘરે બીમારી કે અકસ્માત જેવી તાત્કાલિક પરિસ્થિતિ સર્જાય તો, ૧૦૮ એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા આવશ્યક સેવાઓના વાહનો પણ ફસાઈ શકે છે, જેનાથી જાનહાનિ થવાનો ખતરો રહેલો છે.ગ્રામજનોએ વહીવટી તંત્રને વિનંતી કરી છે કે જનહિતમાં આ માર્ગ પર તાત્કાલિક પુલ બનાવીને લોકોને કાયમી રાહત આપવામાં આવે.-અખંડ ભારત

## કચ્છના પશુપાલકો માટે દિવાળીની ભેટ: સરહદ ડેરીએ દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૧૦નો વધારો કર્યો




બલરામ સાધુ - કચ્છના પશુપાલકો માટે એક ખુશીના સમાચાર આવ્યા છે. સરહદ ડેરી (કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ) દ્વારા પશુપાલકોના હિતમાં દૂધના ખરીદ ભાવમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ નિર્ણય મુજબ, હવે પશુપાલકોને તારીખ ૧લી નવેમ્બર, ૨૦૨૫ થી દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૮૧૦/- ને બદલે રૂ. ૮૨૦/- મળશે. એટલે કે, પ્રતિ કિલો ફેટે રૂ. ૧૦ નો વધારો કરવામાં આવ્યો છે.ગત તારીખ ૧૧/૧૦/ ૨૦૨૫ ના રોજ મળેલી ડેરીના નિયામક મંડળ અને સહકાર સમિતિની બેઠકમાં આ અંગે રજૂઆત કરવામાં આવી હતી, જેને ગુજરાત સરકારના રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યશ્રીઓ અને જિલ્લાના અગ્રણીઓના સૂચન મુજબ નવા વર્ષની ભેટ સ્વરૂપે મંજૂર કરવામાં આવ્યો છે.

આ ભાવ વધારાથી પશુપાલકોને દર મહિને આશરે રૂ. ૧.૨૫ કરોડ અને વાર્ષિક અંદાજે રૂ. ૧૪ કરોડ ની વધારાની આવક થશે.સરહદ ડેરીના ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલે એક યાદીમાં જણાવ્યું હતું કે આ વર્ષે કચ્છમાં સારા વરસાદને કારણે ડેરી દૂધ સંપાદનમાં નવો ઈતિહાસ રચશે. તેમણે તમામ પશુપાલકોને અભિનંદન પાઠવ્યા હતા અને તા. ૦૧.૧૧.૨૦૨૫ થી નવા ભાવ કોમ્પ્યુટરમાં અપડેટ કરવા મંડળી સંચાલકોને સૂચના આપી હતી.

પશુપાલકોની આર્થિક સ્થિતિ સુધારવા માટે લેવાયેલા આ નિર્ણયથી સમગ્ર જિલ્લાના દૂધ ઉત્પાદકોમાં આનંદ અને ખુશીની લાગણી જોવા મળી રહી છે.-અખંડ ભારત

## વલસાડ જિલ્લામાં સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ: ખેડૂતોની મુશ્કેલીમાં વધારો, લોકો ત્રિ-ઋતુનો અનુભવ કરતા મૂંઝવણમાં



ચંદ્રવદન મકવાણા -રાજ્ય હવામાન વિભાગની આગાહી મુજબ, વલસાડ શહેર સહિત સમગ્ર જિલ્લામાં વાતાવરણમાં સતત ત્રીજા દિવસે પણ પલટો જોવા મળ્યો છે. ૨૭મી ઓક્ટોબરે સાંજે ૬ વાગ્યાથી ગાજવીજ અને પવન સાથે ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો હતો, જેના કારણે નગરજનો અને ખાસ કરીને ખેડૂત વર્ગની મુશ્કેલીઓમાં વધારો થયો છે.સતત ત્રીજા દિવસે પડેલા આ માવઠાને કારણે ખેતરોમાં ઊભા પાકને ભારે નુકસાન પહોંચ્યું છે, જેનાથી ખેડૂતો ચિંતિત છે.આ અસામાન્ય વાતાવરણના કારણે વલસાડના લોકો એકસાથે ત્રણ ઋતુઓ – શિયાળો, ઉનાળો અને ચોમાસાનો અનુભવ કરી રહ્યા છે. દિવસ દરમિયાન ગરમી, પછી અચાનક વરસાદ અને રાત્રે ઠંડકને કારણે લોકો આશ્ચર્યમાં મુકાયા છે. બદલાયેલા આ મિશ્ર વાતાવરણથી રોગચાળો ફેલાવવાની ભીતિ પણ સેવાઈ રહી છે. ખેડૂતોએ સરકાર પાસે તાત્કાલિક પાક નુકસાનીનો સર્વે કરી વળતર આપવાની માંગ કરી છે.-અખંડ ભારત

## છોટાઉદેપુરના પુનિયાવાટમાં આપની ગુજરાત જોડો જનસભામાં હજારોની મેદની: ભાજપના અગ્રણી નેતા ટેકેદારો સાથે આપમાં જોડાયા



ચિરાગ ગુપ્તા -છોટાઉદેપુર તાલુકાના પુનિયાવાટ ગામે આજે આમ આદમી પાર્ટી (AAP) દ્વારા ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાની આગેવાનીમાં 'ગુજરાત જોડો જનસભા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.આ જનસભામાં યુવા નેતા યુવરાજસિંહ જાડેજા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન એક મહત્વપૂર્ણ રાજકીય ફેરફાર જોવા મળ્યો હતો, જ્યાં ભાજપના છોટાઉદેપુર તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશભાઈ રાઠવાએ પોતાના ટેકેદારો સાથે સત્તાવાર રીતે 'આપ'નો ખેસ ધારણ કર્યો હતો.ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાએ તેમના સંબોધનમાં આદિવાસી વિસ્તારના વિકાસના મુદ્દા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, આદિવાસી વિસ્તારને વર્ષોથી માત્ર વચનો મળ્યા છે. હવે હક, ન્યાય અને સમાન વિકાસ માટે સંગઠિત અવાજ ઉઠાવવાનો સમય છે. તેમણે 'ગુજરાત જોડો અભિયાન'ને લોકોની લડત મજબૂત બનાવશે તેમ જણાવ્યું હતું.યુવરાજસિંહ જાડેજાએ યુવાનોને પારદર્શક રાજકારણના સમર્થનમાં આગળ આવવા આહ્વાન કર્યું હતું. ભાજપના અગ્રણી નેતા 'આપ'માં જોડાતા છોટાઉદેપુરના રાજકીય સમીકરણોમાં ફેરફાર થવાની સંભાવના છે.-અખંડ ભારત

## વિંછિયાના ગુંદાળા ગામે કમોસમી વરસાદથી મગફળીના પાકને મોટું નુકસાનઃ ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો



મુકેશ કટેશીયા - રાજકોટ જિલ્લાના વિંછિયા તાલુકાના ગુંદાળા ગામ સહિત સમગ્ર પંથકમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના તૈયાર ઊભા પાકને ભારે નુકસાન થયું છે. હાલમાં મગફળી (માંડવી)નો પાક ઉપાડવાનો સમય ચાલી રહ્યો છે અને ઘણી જગ્યાએ મગફળી ખેતરમાં લેવાની બાકી છે.આ નિર્ણાયક સમયે વરસાદ આવતા મગફળીનો પાક એકદમ બગડવા લાગ્યો છે, જેને કારણે ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. ખેડૂતોની ચિંતા એ છે કે ચાર મહિનાની મહેનત અને ખર્ચ પર પાણી ફરી વળ્યું છે.ખેડૂતોએ આ કમોસમી નુકસાન અંગે ગુજરાત સરકાર સમક્ષ વારંવાર નમ્ર અપીલ કરવા છતાં, સહાય માટે કોઈ નક્કર પગલાં લેવાઈ રહ્યા નથી. ખેડૂતો હવે સરકાર શું પગલાં લે છે તેની રાહ જોઈ રહ્યા છે, જોકે તેમને એ વાતની પણ આશંકા છે કે મળશે તો પણ કેટલી સહાય મળશે. ખેડૂતોએ વહીવટી તંત્રને તાત્કાલિક સર્વે કરીને નુકસાનીનું વળતર આપવા માટે પગલાં ભરવા માંગ કરી છે.-અખંડ ભારત

## જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો



ટીલાવત જનકરાય -જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા તારીખ ૨૭/૧૦/૨૦૨૫, સોમવારના રોજ શ્રી પંડિત દિનદયાલ ઉપાધ્યાય સભાખંડ, મનપા કચેરી ખાતે નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં માન. કમિશનરશ્રી તેજસ પરમાર, ડે. મેયરશ્રી આકાશભાઈ કટારા, નાયબ કમિશનરશ્રીઓ ડી.જે. જાડેજા અને જયેશ પી. વાજા સહિત દંડકશ્રી, કોર્પોરેટરશ્રીઓ, આસિ. કમિશનરશ્રી અને તમામ શાખાધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડે. મેયરશ્રી આકાશભાઈ કટારાએ સૌના સારા સ્વાસ્થ્ય અને જીવનમાં ઉન્નતિ માટે શુભકામનાઓ પાઠવી હતી.-અખંડ ભારત



સભાયા વિજયભાઈ -પડધરી ફટાકડા એસોસિયેશન દ્વારા પડધરી ગામના સરપંચ શ્રી ડો. વિજયભાઈ પરમારનું સન્માન કરવામાં આવ્યું છે. દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાના સ્ટોલ ધારકોને પડેલી મુશ્કેલીઓના નિરાકરણમાં વિજયભાઈ પરમાર સાહેબની સકારાત્મક ભૂમિકા બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે સ્ટોલ ધારકો સાથે રહીને સમસ્યાઓનો સુજબુજપૂર્વક ઉકેલ લાવી યોગ્ય સહકાર આપ્યો હતો.-અખંડ ભારત

## સૂત્રાપાડાના રંગપુર ગામે ધોધમાર વરસાદમાં ફસાયેલા માલધારી પરિવારને સુરક્ષિત સ્થળે ખસેડાયો



સાઉ કેશુભાઈ -સૂત્રાપાડા તાલુકાના રંગપુર ગામે ધોધમાર વરસાદને કારણે પાણીમાં ફસાયેલા એક માલધારી પરિવાર અને તેમના પશુઓને રંગપુર ગ્રામ પંચાયતના સરપંચ અને જાગૃત નાગરિકોની મદદથી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.વરસાદના કારણે સ્થિતિ વણસતા, ગ્રામ પંચાયતના સરપંચ, ગ્રામજનો અને તલાટી મંત્રીના સહકારથી આ પરિવારને રંગપુર ગામની માધ્યમિક શાળામાં આશ્રય આપવામાં આવ્યો હતો, જ્યાં તેમના પશુઓની પણ સુરક્ષિત વ્યવસ્થા થઈ શકી. માલધારી પરિવારે આ મદદ બદલ સરપંચશ્રી અને સમગ્ર ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

## સણવાલ ખાતે ભાજપ આયોજિત આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત સ્નેહમિલન સમારોહ યોજાયો





દેસાઈ વશરામભાઈ ધરણીધર તાલુકાના સણવાલ સ્થિત ઉન્નતિ વિદ્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન' અંતર્ગત ટડાવ જિલ્લા પંચાયતનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો હતો.આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર, પ્રદેશ ભાજપના મહામંત્રી શ્રી કે. સી. પટેલ સાહેબ, જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી કનુભાઈ વ્યાસ સાહેબ સહિત તાલુકા અને જિલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.મોટી સંખ્યામાં ઉપસ્થિત આગેવાનો, કાર્યકરો અને ખેડૂતોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આહ્વાનને સાર્થક કરવા માટે 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'નો સંકલ્પ લીધો હતો.-અખંડ ભારત

## કલ્યાણપુર તાલુકામાં કમોસમી વરસાદથી મગફળીના પાકને મોટું નુકસાન, ખેડૂતો ચિંતિત



સુરેશ આંબલીયા - દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં હવામાન વિભાગની આગાહી વચ્ચે રાત્રે કમોસમી વરસાદ વરસતાં ખેડૂતોના જનજીવન પર વિપરીત અસર પડી છે.અણધાર્યા વરસાદના કારણે તૈયાર થયેલા મગફળીના પાક અને પશુઓના ચારાને ભારે નુકસાન થયું છે, જેનાથી ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો છે.

પાક પલળી જવાથી તેની ગુણવત્તા બગડશે અને ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવું પડશે.ગ્રામ્ય પંથકના ખેડૂતોએ રાજ્ય સરકાર તાત્કાલિક ધોરણે નુકસાનનો સર્વે કરીને યોગ્ય સહાય પૂરી પાડે તેવી માગ કરી છે.-અખંડ ભારત

## મોંઘી ઉજવણી ટાળીને, પ્રજાપતિ પરિવારે વૃદ્ધાશ્રમમાં સેવાકાર્ય કરી પિતાને પાઠવી અનોખી શ્રદ્ધાંજલિ



શૈલેષ પ્રજાપતિ -આધુનિક સમયમાં જન્મદિવસ કે તિથિની ઉજવણીમાં થતા મોંઘા ખર્ચાઓને ટાળીને, પ્રવીણભાઈ હીરાભાઈ પ્રજાપતિના પરિવાર અને મિત્રો (જતીનભાઈ, જીગ્નેશભાઈ, ભાવેશભાઈ, અદિતિબેન, યાનાબેન અને ટીસાયા પ્રજાપતિ - હાલ મુંબઈ) દ્વારા માનવતાભરી પહેલ કરવામાં આવી હતી.તાજેતરમાં, તેમણે સ્વર્ગસ્થ દિલીપભાઈ હીરાભાઈ પ્રજાપતિ (બાવળા)ની તિથિ નિમિત્તે બદરખા રોડ સ્થિત સુવર્ણ સંધ્યા વૃદ્ધાશ્રમ ખાતે સેવાકાર્ય કર્યું હતું. આ યુવાનો અને પરિવારે વૃદ્ધજનોને મળીને ભોજન અને મીઠાઈનું વિતરણ કર્યું હતું, તેમજ લાગણીસભર સંવાદ કરીને વૃદ્ધોના આશીર્વાદ મેળવ્યા હતા.આ પ્રસંગે આશ્રમના સદસ્યોને આનંદની લાગણી થઈ હતી. આયોજકોએ જણાવ્યું હતું કે, સાચી ઉજવણી એ જ છે જ્યાં કોઈના ચહેરા પર સ્મિત ફેલાય. વૃદ્ધાશ્રમના સંચાલકોએ આ માનવતાભર્યા કાર્યનું હાર્દિક સ્વાગત કર્યું હતું.-અખંડ ભારત

## ડાંગ એલસીબી પોલીસને મોટી સફળતાઃ ચોરી કરેલા મોબાઈલ સાથે એક ઈસમ ઝડપાયો



ઘિસારામ ચૌધરી -ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ (IPS) અને પી.એસ.આઈ. કે.જે. નિરંજનના માર્ગદર્શન હેઠળ ડાંગ એલસીબી પોલીસને મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવામાં મોટી સફળતા મળી છે.ચોક્કસ બાતમીના આધારે એલસીબી ટીમે વઘઈ બસ સ્ટેશન પાસેથી ઉમેશભાઈ ભાસ્કરભાઈ બોરસા (રહે. કુશમાળ, તા. વઘઈ) નામના ઈસમને ચોરી કરેલા મોબાઈલ સાથે ઝડપી પાડ્યો હતો. આ આરોપી પાસેથી વઘઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાનો રૂ. ૧૧,૫૦૦/-ની કિંમતનો VIVO કંપનીનો મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો છે.આરોપીને વધુ તપાસ માટે વઘઈ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આ કામગીરીમાં એલસીબીના પો.સ.ઈ. કે.જે. નિરંજન સહિત પોલીસ સ્ટાફના સભ્યો જોડાયા હતા.-અખંડ ભારત

## કચ્છ એલસીબીએ કોપર વાયર સાથે બે મોટરસાયકલ ઝડપી પાડ્યા





જયેશ ગુંસાઈ - પશ્ચિમ કચ્છ-ભુજના પોલીસ અધિક્ષક શ્રી વિકાસ સુંડા સાહેબની સૂચનાના અનુસંધાને, લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પશ્ચિમ કચ્છ-ભુજને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવામાં સફળતા મળી છે.તારીખ ૨૮/૧૦/૨૦૨૫ના રોજ LCB સ્ટાફ અબડાસા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન, ખાનગી બાતમીના આધારે ખુઅડા ગામની દક્ષિણ દિશાએ પવનચક્કી લોકેશન નજીક બાવળની ઝાડીમાં તપાસ કરતા કેટલાક ઈસમો પોલીસને જોઈને નાસી છૂટ્યા હતા.સ્થળ પરથી આશરે ૬૦૦ મીટર કોપર કેબલ જેની કિંમત રૂ. ૩,૦૦,૦૦૦/-છે, તે તેમજ બે મોટરસાયકલ (કુલ કિંમત રૂ. ૪૦,૦૦૦/-) મળી આવ્યા હતા. LCBએ આ તમામ મુદ્દામાલને શંકાસ્પદ મિલકત તરીકે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

## ધુલેટા ખાતે પંકજદાદા વ્યાસના શ્રીમુખે ભાગવત સપ્તાહમાં કૃષ્ણલીલાના અધ્યતન અર્થઘટનથી શ્રોતાઓમાં સકારાત્મક ઊર્જા



તેજલબેન ચૌહાણ - ધુલેટા મુકામે આયોજિત ૧૦૮ પોથી ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞના પાંચમા દિવસે પ્રસિદ્ધ કથાકાર પ.પૂ. પંકજદાદા વ્યાસના શ્રીમુખે કૃષ્ણ લીલા અને ગોવર્ધન પૂજા પ્રસંગનું શ્રવણ થયું હતું. આ સંગીતમય કથામાં દાદાએ ભાગવતના પ્રસંગોનું વર્તમાન સમય સાથે અનુસંધાન કરી અધ્યતન અર્થઘટન રજૂ કર્યું હતું, જેનાથી ભાવિકોએ નવી સકારાત્મક ઊર્જાનો અનુભવ કર્યો હતો.કથામાં કૃષ્ણ દ્વારા પ્રકૃતિના રક્ષણ માટે ગોવર્ધન પૂજા થકી સૌને સમાન રીતે સાથે લઈને ચાલવાની વાતને સમજાવી હતી. સાથે જ, સનાતન ધર્મ સ્વદેશીની વાત કેવી રીતે કરે છે તેનું અનુસંધાન ગાંધી અને કૃષ્ણ સાથે જોડીને આધ્યાત્મિક ભાવના સાથે રાષ્ટ્રનિર્માણની વાત પણ કરવામાં આવી હતી.દાદાએ માનવમાં પરમાત્માના દર્શનનું મહત્ત્વ સમજાવી સંતો, માતા-પિતા અને અભ્યાગતોના આદર પર ભાર મૂક્યો હતો. વરસાદી માહોલ હોવા છતાં મોટી સંખ્યામાં ભક્તજનોએ કથાનો લાભ લીધો હતો, જેના માટે આયોજકોના સુંદર આયોજનની સરાહના કરવામાં આવી હતી.-અખંડ ભારત

## મહીસાગરના કેળામુળ ગામે પાંચ મંદિરો પર ભવ્ય ધ્વજારોહણ, ગામમાં ધાર્મિક માહોલ



જગદીશ પટેલ - મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કેળામુળ ગામે તારીખ ૨૬/૧૦/૨૦૨૫, રવિવારના રોજ ગામના મુખ્ય પાંચ મંદિરો – ગામખેડા માતાજી મંદિર, રામદેવ પીર મંદિર, હનુમાનજી મંદિર, મહાદેવ મંદિર અને નકળંગ ભગવાન મંદિર પર ભવ્ય ધ્વજારોહણ (ધજા ચડાવવાનો) કાર્યક્રમનુંઆયોજન કરવામાંઆવ્યું હતું.સવારે ૯ વાગ્યે કાર્તિકભાઈ પટેલના ઘરેથી નવી ધજાઓની ભવ્ય શોભાયાત્રા વાજતે-ગાજતે મંદિરો સુધી લઈ જવામાં આવી હતી. બરાબર ૧૦.૧૫ના શુભ મુહૂર્તમાં મુખ્ય યજમાન શ્રી કાર્તિકકુમાર રમણભાઈ પટેલના હસ્તે ભક્તિભાવપૂર્વક ધજાજીને શિખર પર ચઢાવવામાં આવી હતી. ધજા ફરકતા જ સમગ્ર વાતાવરણ જય નારાથી ગુંજી ઉઠ્યું હતું.આ ઉપરાંત, ધર્મેન્દ્રભાઈ રામજીભાઈ પટેલ દ્વારા આયોજિત નકળંગ ભગવાન મંદિર ધામ ખાતે દાદપુરી ધામના સંતો અને ભક્તો દ્વારા ભજન ધૂન, હવન પૂજા અને ધ્વજારોહણ વિધિ સાથે સત્સંગનું પણ આયોજન થયું હતું. -અખડ ભારત

## નખત્રાણાના દેશલપર નજીક ગમખ્વાર અકસ્માતઃ કાર ઝાડ સાથે ટકરાતાં બે યુવકોના સ્થળ પર મોત



જયેશ ગુંસાઈ -કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના દેશલપર નજીક તારીખ ૨૭/૧૦/૨૦૨૫, સોમવારના રોજ રાત્રે ૯:૦૦ વાગ્યાના અરસામાં એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો.ભુજ-નલિયા હાઈવે પર દેશલપર (વાંઢાય)થી મંજલ (તરા) વચ્ચેના માર્ગ પર પૂરપાટ જતી મહિન્દ્રા ટીયુવી કાર ઝાડ સાથે ધડાકાભેર અથડાતા બે યુવકોના સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યા હતા.મૃતકોમાં નખત્રાણાના ભાવેશ રબારી અને નાના અંગિયા (નખત્રાણા તાલુકો) ગામના ભીખા રબારીનો સમાવેશ થાય છે. જ્યારે કિશન રબારી અને રાજા રામા રબારી (બંને રહે. નખત્રાણા) ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમાં એકની હાલત અતિ ગંભીર છે. દુર્ઘટનાની જાણ થતાં નખત્રાણા પીઆઈ એ.એમ. મકવાણાએ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.-અખંડ ભારત

## વેરાવળ શહેરમાં સતત વરસાદથી જનજીવન પ્રભાવિત, ગ્રામ્ય વિસ્તારોમાં પાકને નુકસાન

નીલેશ હીરાણી -ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી એકધારો કમોસમી વરસાદ વરસી રહ્યો છે. વેરાવળ શહેરમાં વરસાદને કારણે પાણીના નિકાલની સમસ્યા, ગંદકીનું સામ્રાજ્ય અને રોડ-રસ્તા પરના ખાડાઓથી રાહદારીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે.બીજી તરફ, ગ્રામ્ય વિસ્તારોમાં સતત વરસાદથી ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું



છે. આ બાબતે સરકારશ્રીના પ્રતિનિધિઓ, સંસદસભ્યો, ધારાસભ્યો, કેબિનેટ મંત્રીઓ, જિલ્લા કલેકટર સાહેબ અને આગેવાનોને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન રજૂઆત કરવામાં આવી છે. ખેડૂતોએ સરકારને તાત્કાલિક ધોરણે નુકસાનીનો સર્વે કરીને ઝડપથી સહાય ચૂકવવામાં આવે તેવી વિનંતી કરી છે.-અખંડ ભારત

## રાયડી ડેમ ઓવરફ્લો, પાંચ દરવાજા ખોલાતા નીચાણવાળા વિસ્તારોમાં ખેતીને મોટું નુકસાન




બાવકુભાઈ કોટીલા -અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા બારમણ ગામ નજીક આવેલો રાયડી ડેમ ઓવરફ્લો થયો હતો. જેને પગલે ડેમના પાંચ દરવાજા બે-બે ફૂટ જેટલા ખોલવામાં આવ્યા હતા.ડેમમાંથી પાણી છોડવાના કારણે નીચાણવાળા વિસ્તારોમાં આવેલા નાના બારમણ, સોત્રા અને નાગેશ્રી ગામોના ખેડૂતોને મોટું નુકસાન થયું છે. ખેતરો પાણીથી ધોવાઈ ગયા છે અને ખેતીનો ઊભો મોલ પણ પાણીમાં તણાઈ જવાથી ખેડૂતોને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.-અખંડ ભારત

## ચીખલી તાલુકામાં કમોસમી વરસાદથી ડાંગરના તૈયાર પાકને વ્યાપક નુકસાન, ખેડૂતોની હાલત કફોડી

કુંજ પરમાર -નવસારી જિલ્લા અને ચીખલી તાલુકા સહિતના વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસી રહેલા કમોસમી વરસાદને કારણે ડાંગરના તૈયાર પાકને વ્યાપક નુકસાન થયું છે, જેનાથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે.લણણી માટે તૈયાર ઉભો પાક જમીનદોસ્ત થયો છે, જ્યારે કાપણી કરેલો અને સૂકવેલો પાક સંપૂર્ણપણે પલળી જતાં તેમાં ભેજનું પ્રમાણ વધી ગયું છે. આના કારણે ડાંગરની ગુણવત્તા બગડી છે અને પાક કાળો પડવાની ભીતિ છે, જેના લીધે ખેડૂતોને ઓછા ભાવ મળતાં આર્થિક મોટું નુકસાન થયું



છે.ચીખલી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રાકેશભાઈ પટેલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબને ખેડૂતોને તાત્કાલિક સહાય ચૂકવવા ભલામણ કરી છે. અસરગ્રસ્ત ખેડૂતોએ ઝડપી અને પારદર્શક સર્વે કરીને પૂરતું વળતર જાહેર કરવા તેમજ સરકારી ખરીદીમાં ભેજના પ્રમાણમાં રાહત આપવા માંગણી કરી છે.-અખંડ ભારત

## લાલપુર ખાતે આહીર યુવક મંડળ અને કર્મચારી મંડળ દ્વારા સ્નેહમિલન અને તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

મનીષ પંડ્યા -જામનગર શહેરના લાલપુર ગામે આહીર યુવક મંડળ અને આહીર કર્મચારી મંડળના સંયુક્ત ઉપક્રમે નૂતન વર્ષ સ્નેહમિલન અને તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ નવનિયુક્ત પદાધિકારીઓ/ કર્મચારીઓના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં





સાંસદ પૂનમબેન માડમ, પૂર્વ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, અગ્રણી સુરેશભાઈ વસરા સહિત આહીર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવીને આયોજકોના સફળ કાર્યક્રમને બિરદાવ્યો હતો.-અખંડ ભારત

## ગુલાબપુરા ગામે એકતાના પ્રતીક રૂપે શ્રી જોગણી માતાજીનો નવચંડી યજ્ઞ ધામધૂમથી યોજાયો

શૈલેષ પ્રજાપતિ -માણસા તાલુકાના ગુલાબપુરા ગામ ખાતે આજે ગામટોડાની શ્રી જોગણી માતાજીનો નવચંડી યજ્ઞ ભારે ધામધૂમથી ઉજવાયો હતો.ગુલાબપુરા ગામ, જે પોતાની એકતા માટે જાણીતું છે, ત્યાં દરેક ધાર્મિક પ્રસંગો દરેક સમાજ દ્વારા એક થઈને ઉજવવામાં આવે છે. આજના નવચંડી યજ્ઞમાં પણ સમસ્ત ગામ એકસૂત્રે જોડાયું હતું. સમગ્ર ગામ ‘જય માં જોગણી‘ના નારાથી ગુંજી ઉઠ્યું હતું, જેનાથી ગામમાં ધાર્મિક અને ઉત્સાહભર્યો માહોલ સર્જાયો હતો.-અખંડ ભારત



## મહીસાગર જિલ્લામાં કમોસમી વરસાદથી થયેલા નુકસાન અંગે કિસાન સંઘ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું



પરમાર રાજેશકુમાર - ભારતીય કિસાન સંઘ દ્વારા મહીસાગર જિલ્લા કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં તારીખ ૨૬-૨૭ ઓક્ટોબરના કમોસમી (માવઠા) વરસાદને કારણે ડાંગર, સોયાબીન અને કપાસ જેવા પાકોને થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી વળતર ચૂકવવાની માંગ કરવામાં આવી હતી.કિસાન સંઘે મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીશ્રીને આર્થિક સહાય આપવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, કમોસમી વરસાદને કારણે માત્ર ખેતીના પાકને જ નહીં, પણ પશુઓના ખોરાક (ઘાસચારો) ને પણ મોટું નુકસાન થયું છે, જેનાથી પશુપાલકોની મુશ્કેલીઓ વધી છે. કિસાન સંઘે ધરતી પર ખેડૂત ટકી રહેશે તો જ દુનિયા જીવી શકશે તેમ જણાવી ખેડૂતોને ઝડપથી સહાય આપવા ભાર મૂક્યો હતો.-અખંડ ભારત

## વડોદરાની મંજુસર GIDCમાં ટ્રક ખાડામાં ઉતરતા ગેસ પાઇપલાઇન ડેમેજ, હજારો કિલો ગેસ લીકેજ



રાજુભાઈ વણકર -વડોદરા જિલ્લાના મંજુસર GIDC વિસ્તારમાં એક ટ્રક ખાડામાં ઉતરી જતાં ગેસની પાઈપલાઈન ડેમેજ થઈ હતી, જેના કારણે હજારો કિલો ગેસનું લીકેજ થયું હતું.ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ગેસ લાઈનના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર ખડેપગે તૈનાત થયા હતા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. સદભાગ્યે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી.-અખંડ ભારત

## છઠ્ઠ પૂજા ઉત્સવની વિશેષ ઉજવણી ઉત્તર પૂર્વનાં રાજ્યોમા



પ્રિયંકા પ્રજાપતિ-પૌરાણિક કથાઓ અનુસાર, છઠ વ્રતની શરૂઆત માતા સીતાએ પોતે કરી હતી. જ્યારે ભગવાન રામ અયોધ્યા પાછા ફર્યા, ત્યારે તેમણે કાર્તિક શુક્લ ષષ્ઠીના દિવસે સૂર્યદેવને પ્રાર્થના કરી, રામના રાજ્યની સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી.બીજી એક દંતકથા અનુસાર, મહાભારત કાળ દરમિયાન કુંતી અને દ્રૌપદીએ પણ છઠ વ્રત રાખ્યું હતું. આ વ્રત પાંડવોના સ્વાસ્થ્ય અને તેમના જીવનમાં શાંતિ અને સુખ માટે ખૂબ જ ફળદાયી સાબિત થયું હતું.છઠ તહેવારનું વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ વિશેષ મહત્વ છે - સૂર્યના કિરણો શરીરને કુદરતી ઉર્જા પ્રદાન કરે છે અને તેનું સંતુલન અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.આ વ્રત દરમિયાન લસણ અને ડુંગળીનો ઉપયોગ કરવામાં આવતો નથી.વ્રત કરનારાઓ વગર સીવેલા કપડાં (સાડી અથવા ધોતી) પહેરે છે.પૂજા સામગ્રી શુદ્ધ, સાત્વિક અને ભેળસેળ રહિત હોય છે.છઠ ગીતો અને લોકભાષામાં ભક્તિનો રંગ પ્રતિબિંબિત થાય છે - કેલવા જે ફરેલા ઘાવડ સે ઓ પિયાવા... જેવા ગીતો સમગ્ર વાતાવરણને પવિત્ર બનાવે છે. આ તહેવાર ઉત્તર પૂર્વ નાં રાજ્યો ખુબ મહત્વ છે. અભિષેક પ્રજાપતિ રાયગઢ છત્તીસગઢ થી વાત કરતા સમગ્ર માહિતી આપી હતી.-અખંડ ભારત



## ઉના તાલુકામાં કમોસમી વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન, તાત્કાલિક સર્વે અને સહાય ચૂકવવા રજૂઆત

બાંભણીયા રાજેશભાઈ -ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વિસ્તારોમાં તારીખ ૨૫/૧૦/૨૦૨૫ ના રોજ પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને પુષ્કળ નુકસાન થયું છે. તૈયાર થયેલા મગફળી, સોયાબીન, કપાસ અને ડુંગળી જેવા અનેક પાકો સંપૂર્ણપણે બરબાદ થઈ ગયા છે અને ખેતરોમાં પાણીમાં તરતા જોવા મળ્યા હતા, જેના કારણે ખેડૂતો પાયમાલ બન્યા છે.આ નુકસાનીના પગલે ઉટવાડા ગામના ગ્રામ પંચાયતના સભ્ય શ્રી અલ્પેશસિંહ ભીખુભા સાખટે માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ અને ઉના તાલુકાના ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડને લેખિતમાં પત્ર દ્વારા તાત્કાલિક સર્વે કરીને ખેડૂતોને યોગ્ય સહાય ચૂકવવા માટે રજૂઆત કરી છે.-અખંડ ભારત

## કમોસમી વરસાદથી નુકસાન પામેલા ડાંગરના પાકનું વળતર ચૂકવવા માંગ



દેવેનભાઇ ગામિત -તાપી જિલ્લાના વ્યારા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ વ્યારાના મામલતદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.આ આવેદનપત્રમાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદને કારણે વ્યારા તાલુકાના ખેડૂતોના ડાંગરના પાકને થયેલા નુકસાન અંગે તાત્કાલિક સર્વે કરી, ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.-અખંડ ભારત

## ઘડી ગામે ડ્રાઈવર વગર દોડેલા ટ્રેક્ટરે ખેતરમાં શાકભાજીના પાકને ભારે નુકસાન પહોંચાડ્યું



કુંવરસિહ ચૌહાણ - સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઘડી ગામે પ્રવિણસિંહ ડોડીયાના ખેતરમાં એક અજીબ ઘટના બની હતી. અચાનક ડ્રાઈવર વગર ટ્રેક્ટર ચાલું થઈ જતાં ખેતરમાં દોડવા લાગ્યું હતું, જેના કારણે લોકોમાં ભય અને કુતૂહલ સર્જાયો હતો.ડ્રાઈવર વગરના આ ટ્રેક્ટરે ખેતરમાં પાકેલા શાકભાજીના પાકને ગોળ ગોળ ફરીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ટ્રેક્ટરને બંધ કરવાની કોશિશમાં એક ખેડૂતને ઈજાઓ પણ પહોંચી હતી. આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ ટ્રેક્ટરને કાબૂમાં લેવામાં આવ્યું હતું.-અખંડ ભારત

## મિશન નવભારત જામનગર જિલ્લા અધ્યક્ષની ટીમે મધ્યપ્રદેશના હોદ્દેદારો સાથે બેઠક યોજી



મનીષ પંડ્યા - મિશન નવભારત જામનગર જિલ્લા અધ્યક્ષ અક્ષયભાઈ માડમની આગેવાની હેઠળની ટીમે મધ્યપ્રદેશના માલવા ગામ ખાતે મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમિયાન ટીમે મિશન નવભારત અને નરેન્દ્ર મોદી વિચાર મંચના યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ રાકેશ કુમાર ચૌહાન, પ્રદેશ કારોબારી સદસ્ય ઓમપ્રકાશ અજમેરિયા અને માલવા પ્રાંતના યુવા મોરચાના કાર્યકારી સભ્ય લાલ બાબુ ગવલી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ બેઠકમાં સંસ્થા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.-અખંડ ભારત

## ધનસુરા પરગણા પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ અણિયોર મુકામે યોજાયો



રંજનબેન ગુર્જર -અરવલ્લી જિલ્લાના ધનસુરા પરગણા પ્રજાપતિ સમાજ દ્વારા અણિયોર મુકામે ૧૦મો સ્નેહમિલન કાર્યક્રમ ધામધૂમથી યોજાયો હતો.આ કાર્યક્રમ દરમિયાન સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ સમાજ માટે યોગદાન આપનાર દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સ્નેહમિલન સમારોહના અંતે સૌ જ્ઞાતિજનોએ સાથે મળીને ભોજન લઈ છૂટા પડ્યા હતા, જેનાથી સમાજમાં એકતા અને પ્રેમનો સંદેશ પ્રસરાયો હતો.-અખંડ ભારત

## ગીરગઢડા ફેર પ્રાઇઝ શોપ એસોસિયેશન દ્વારા પડતર માંગણીઓ સાથે મામલતદારને આવેદનપત્ર



લખમણભાઈ વાઘ- ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકા ફેર પ્રાઈઝ શોપ એસોસિયેશન દ્વારા તેમની ૨૦ જેટલી પડતર માંગણીઓના સંદર્ભે મામલતદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.આ આવેદનપત્રમાં તકેદારી સમિતિનો મુદ્દો મુખ્ય હતો. એસોસિયેશને જણાવ્યું કે, તમામ દુકાનદારોને તારીખ ૦૧-૧૧-૨૦૨૫ થી પરમિટ જનરેટ કરવા અને ચલણ ભરવાની મનાઈ કરવામાં આવી છે, જેના વિરોધમાં તાલુકાના તમામ દુકાનદાર મિત્રોને આંદોલનમાં જોડાવા માટે આહ્વાન કરવામાં આવ્યું છે.-અખંડ ભારત

## બલદાણીયા પરિવાર દ્વારા સર્વ પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન



રાજેશ જાવિયા - અમદાવાદમાં બલદાણીયા પરિવાર દ્વારા સર્વ પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી પ્રવીણચંદ્ર જે. જોષી (બંધાળા વાળા)ના શ્રીમુખે આ કથાનું આયોજન સંવત ૨૦૮૨ના કારતક સુદ લાભ પાંચમ, રવિવાર તા. ૨૬/૧૦/૨૦૨૫ થી કારતક સુદ અગિયારસ, રવિવાર તા. ૨/૧૧/૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે.કથાનું સ્થળ સ્થાન સંગાથ ફાર્મ, નિકોલ ગામ, બાપા સીતારામ પાર્કિંગની બાજુમાં, નિકોલ, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું છે. કથાનું સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ છે. પરિવાર દ્વારા કથા દરમિયાન દરરોજ સવાર, બપોર અને સાંજે મહાપ્રસાદ લેવા માટે



ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કથાનું રસપાન 'varniraj photo official' અને 'hirendada official' યુટ્યુબ ચેનલ પર પણ લાઈવ કરી શકાશે.-અખંડ ભારત

## વાઘોડિયા રોડ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ચાર વર્ષથી વરસાદી પાણીની સમસ્યા યથાવત, ખેલાડીઓ અને સ્થાનિકો મુશ્કેલીમાં



શાહ ચિરાગ - વડોદરાના વાઘોડિયા રોડ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં છેલ્લા ચાર વર્ષથી વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યા યથાવત રહી છે. સ્થાનિક રહેવાસીઓ અને ખેલાડીઓની અનેક રજૂઆતો છતાં સંબંધિત તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ યોગ્ય ઉપાય કરવામાં આવ્યો નથી. પરિણામે કોમ્પ્લેક્સમાં ખેલકૂદની પ્રવૃત્તિઓ પર માઠી અસર પડી છે અને સ્થાનિક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.-અખંડ

## ઠાસરાના મગનભુલા ના મુવાડા ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નવીન મકાનનું ઉદ્ઘાટન કરાયું



ઈન્દ્રજીતસિહ રાઠોડ -ઠાસરા તાલુકાના મગનભુલા ના મુવાડા ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નવીન મકાનનું શુભ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ ઉદ્ઘાટન સમારોહમાં ઠાસરા ૧૧૯ વિધાનસભાના ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, અમૂલ ડેરીના ડિરેક્ટર શ્રીમતી પ્રિયાબેન કૃણાલસિંહ પરમાર, અમૂલ ડેરીના પૂર્વ ચેરમેન શ્રી રામસિંહ પરમાર સાહેબ અને ડિરેક્ટરશ્રી વિજયભાઈ ફુલાભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમૂલ ડેરીના અધિકારીશ્રીઓ, મંડળીના કમિટી સભ્યો, કર્મચારીઓ, આજુબાજુની દૂધ મંડળીના ચેરમેન/સેક્રેટરીશ્રીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો અને સભાસદ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## તાપી પોલીસને મોટી સફળતાઃ વ્યારામાં ૨૭ લાખની ચોરીના ગુનામાં ત્રણ આરોપીઓ ૨૦ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપાયા





ચૌહાણ ધનરાજભાઇ -તાપી જિલ્લા પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષકની સૂચના મુજબ, તાપી એલ.સી.બી., સાયબર ક્રાઈમ અને એસ.ઓ.જી.ની સંયુક્ત ટીમે વ્યારાના અભિષેક રો હાઉસમાંથી થયેલી રૂ. ૨૭,૫૮,૦૦૦/-ની સોના-ચાંદીના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો છે.ખાનગી બાતમીના આધારે પોલીસે (૧) અમરજીતસીગ સૂરજીતસીગ સીકલીકર (રહે. હાંસોટ), (૨) બલવીન્દરસીગ સૂરજીતસીગ સીકલીકર (રહે. અંકલેશ્વર) અને (૩) પ્રદીપસીગ જોગીન્દરસીગ સીકલીકર (રહે. બારડોલી) નામના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલા ૨૫.૭ તોલા સોનું અને ૧૫૨ તોલા ચાંદી મળી રૂ. ૨૦,૦૯,૦૦૦/- ની કિંમતના દાગીના, એક મોટરસાયકલ, ત્રણ મોબાઈલ અને રોકડા રૂ. ૨૨,૪૬૦/- સહિત કુલ રૂ. ૨૧,૦૧,૪૬૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલા ત્રણેય આરોપીઓને વધુ કાર્યવાહી માટે વ્યારા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.-અખંડ ભારત

## કમોસમી વરસાદને કારણે સાધલી-કાયાવરોહણ સ્ટેટ હાઇવે ત્રણ દિવસથી બંધ, વાહનચાલકો પરેશાન



શબ્બીર રાઠોડ -વડોદરા જિલ્લામાં પોર-કાયાવરોહણ-સાધલી સ્ટેટ હાઈવેના નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે, પરંતુ કમોસમી વરસાદના કારણે સાધલી-કાયાવરોહણ વચ્ચેનો રોડ છેલ્લા ત્રણ દિવસથી સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.રોડના કામ માટે માટી નાખવામાં આવી હોવાથી વરસાદને કારણે ભારે કીચડ થઈ ગયો છે, જેનાથી અનેક નાના-મોટા વાહનો ફસાયા છે અને મોટરસાયકલ સવારોને અકસ્માતનો ભોગ બનવું પડ્યું છે. કોન્ટ્રાક્ટર દ્વારા વૈકલ્પિક ડાઈવર્ઝનની વ્યવસ્થા ન કરાતાં સાધલી તરફના વાહનચાલકોને વડોદરા જવા માટે ૨૫ કિલોમીટરનો વધારાનો ફેરો કરવો પડે છે, જેનાથી સમય અને ઈંધણનો વ્યય થઈ રહ્યો છે.સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તેમણે સાંસદ મનસુખભાઈ વસાવા અને ધારાસભ્ય અક્ષયભાઈ પટેલને તાત્કાલિક આ બાબતે તપાસ કરાવીને રોડ નિયમિત ચાલુ થાય તેવી વ્યવસ્થા કરવા લોકમાગ કરી છે.-અખંડ ભારત

## કરજણ ડેપો દ્વારા સાધલી રૂટની સાંજે ૬ વાગ્યાની બસ બંધ કરાતા મુસાફરોમાં ભારે રોષ

શબ્બીર રાઠોડ -વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી સેન્ટરની આજુબાજુના વીસથી વધુ ગામોના મુસાફરોમાં કરજણ એસ.ટી. ડેપો દ્વારા કરજણ-સાધલી રૂટની એક પછી એક બસ સેવાઓ બંધ કરી દેવાતા ભારે રોષ વ્યાપી ગયો છે.તાજેતરમાં, કરજણ ડેપો દ્વારા સાંજે ૬:૦૦ કલાકની કરજણ-સાધલી બસ બંધ કરી દેવાતાં અને સવારની ૬ વાગ્યાની ટ્રીપ સેગવા સુધી લંબાવતાં સાધલીથી કરજણ અપડાઉન કરતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મુસાફરોને ફરજિયાતપણે ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે.સ્થાનિકોમાં ચર્ચા છે કે ખાનગી વાહનોને લાભ આપવા માટે ડેપોના વહીવટકર્તાઓ દ્વારા મનસ્વી નિર્ણયો લેવામાં આવે છે. વારંવાર રજૂઆતો છતાં કોઈ કાર્યવાહી ન થતાં, સમગ્ર પંથકના મુસાફરોએ ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ દ્વારા તપાસ કરાવીને સાંજે ૬ વાગ્યાની બસ તાત્કાલિક ચાલુ કરાવવાની માંગ કરી છે.- અખંડ ભારત




## રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ SEOC ખાતે સમીક્ષા બેઠક યોજી




ઘિસારામ ચૌધરી -ભારતીય હવામાન વિભાગ દ્વારા તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતે સમીક્ષા બેઠક યોજી હતી.આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર-સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લા કલેક્ટરશ્રીઓ સાથે પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.મંત્રી શ્રી મહિડાએ સંભવિત જોખમ ધરાવતા જિલ્લાના વહીવટી તંત્રને એલર્ટ રહેવા, અધિકારી-કર્મચારીઓને હેડક્વાર્ટર ખાતે હાજર રહેવા તેમજ રેડ એલર્ટવાળા જિલ્લાઓમાં જરૂર જણાયે વધુ NDRF અને SDRF ટીમો તૈનાત કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. બેઠક બાદ તેમણે SEOC કંટ્રોલરૂમની મુલાકાત લઈ માર્ગદર્શન પણ આપ્યું હતું.-અખંડ ભારત

## કપડવંજ તાલુકા ફેરપ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા કમિશન વધારવા સહિતની માંગણીઓ સાથે મામલતદારને આવેદનપત્ર



દિનેશભાઈ -મોંઘવારીના પગલે કમિશન વધારવા સહિતની પડતર માંગણીઓના સંદર્ભમાં કપડવંજ તાલુકા ફેરપ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા આજે મે. મામલતદાર શ્રી કપડવંજને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.ગુજરાત રાજ્ય ફેરપ્રાઈઝ શોપ એન્ડ કેરોસીન લાઈસન્સ હોલ્ડર્સ એસોસિએશનના રાજ્યવ્યાપી આંદોલનના ભાગરૂપે કપડવંજના સસ્તા અનાજના દુકાનદારોએ તેમની માંગણીઓ રજૂ કરી હતી. મુખ્ય માંગણીઓમાં તકેદારી સમિતિના ૮૦% સભ્યોના બાયોમેટ્રિક લેવાના તાજેતરના પરિપત્રનો વિરોધ અને તેને રદ કરવાની માંગ સામેલ છે.આ ઉપરાંત, દુકાનદારોના કમિશનમાં વધારો કરવો, ડીલરની ઈ-પ્રોફાઈલમાં પરિવારના એક સભ્યનો બાયોમેટ્રિક સિસ્ટમમાં સમાવેશ કરવો, હયાતીમાં વારસાઈની જોગવાઈ કરવી અને સર્વર ઠપ્પ થવાની સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગણીઓ કરવામાં આવી છે. એસોસિએશને ચીમકી ઉચ્ચારી છે કે જો માંગણીઓ નહી સ્વીકારાય તો ૧ નવેમ્બરથી અનાજનું વિતરણ બંધ કરવામાં આવશે અને ૩૦ ઓક્ટોબરથી પરમિટ કે ચલણ જનરેટ કરવામાં આવશે નહી. આવેદનપત્ર આપતી વખતે એસોસિએશનના પ્રમુખ શ્રી નંદુબા ઝાલા, ઉપપ્રમુખ શ્રી કિશનસિંહ ઝાલા, વિક્રમભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં દુકાનદારો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## મોરારીબાપુની ૯૬૬મી રામયાત્રા માનસ કથાનો ચિત્રકૂટથી પ્રારંભ



કુંજ પરમાર -પ્રસિદ્ધ કથાકાર પૂ. મોરારીબાપુની ૯૬૬મી વિશિષ્ટ 'રામયાત્રા માનસ કથા'નો પ્રારંભ શનિવારે તા. ૨૫-૧૦ ના રોજ મધ્યપ્રદેશના ચિત્રકૂટ સ્થિત અત્રી અનસુયા આશ્રમ ખાતે થયો છે. આ કથા યાત્રામાં લગભગ ૪૦૦ શ્રોતા પુષ્પો સહભાગી છે, જેઓ ખાસ ટ્રેન દ્વારા રામેશ્વરમ સુધી આઠ દિવસની રેલયાત્રા કરીને ભગવાન શ્રી રામના ૧૪ વર્ષના વનવાસના વિવિધ સ્થળોનું કથાના માધ્યમથી અનુસંધાન કરશે.આ રામયાત્રાનો પ્રારંભ એ જ ચિત્રકૂટ પર્વતથી થયો છે, જ્યાં અરણ્યકાંડમાં ભરતજી પાંચ દિવસ સુધી રામજીને વિનવવા રોકાયા હતા. પ્રથમ દિવસે બાપુએ અત્રી અનસુયા આશ્રમમાં કથા કરી, જ્યાં મહાસતી અનસુયાએ સીતાજીને નારી ધર્મનો ઉપદેશ આપ્યો હતો.બીજા દિવસે (રવિવારે) કથા ગાન અગત્સ્ય ઋષિના કુંભજ ઋષિ આશ્રમ ખાતે થયું હતું.

જ્યારે સોમવારે કથા યાત્રા નાસિકના પંચવટીમાં પહોંચી, જે પવિત્ર ગોદાવરી નદીના કાંઠે આવેલું અને ભગવાન શ્રી રામનું વનવાસ દરમિયાનનું નિવાસસ્થાન માનવામાં આવે છે. આ કથા યાત્રાનું સમાપન શ્રીલંકાથી વિશેષ વિમાન યાત્રા દ્વારા પુષ્પોના અયોધ્યા આગમન સાથે થશે, જ્યાં પૂજ્ય બાપુની કથાના નવમા દિવસે રામયાત્રાને વિરામ અપાશે.-અખંડ ભારત

# વંથલીના બાલોટ ગામના ખેડૂત ભીખાભાઈ મકવાણા પ્રાકૃતિક ખેતીથી બન્યા માર્ગદર્શકઃ નેટ હાઉસ દ્વારા વાર્ષિક રૂ. ૧૫-૧૬ લાખની આવક







જનકરાય ટીલાવત -જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના બાલોટ ગામના ખેડૂત ભીખાભાઈ મકવાણા પ્રાકૃતિક ખેતી અને સરકારની નેટ હાઉસ યોજનાના માધ્યમથી અન્ય ખેડૂતો માટે માર્ગદર્શક બન્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રોત્સાહન અને આત્મા પ્રોજેક્ટના માર્ગદર્શનથી તેમણે ૨૦૧૮માં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.શરૂઆતમાં જમીનમાં કાર્બનનું ઓછું પ્રમાણ જણાતાં, ભીખાભાઈએ જીવામૃત, ઘન જીવામૃત અને નિમાસ્ત્રનો ઉપયોગ શરૂ કર્યો, જેનાથી તેમની ૧૬ વીઘા જમીનમાં કાર્બનના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો. તેમણે ૫૦% સરકારી સહાયથી નેટ હાઉસ બનાવીને ઓફ-સીઝનમાં ટમેટા, કાકડી, ધાણા અને મેથી જેવા જુદા જુદા શાકભાજીનું ઉત્પાદન મેળવ્યું.ભીખાભાઈએ જણાવ્યું કે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન લેવાથી ડાયાબિટીસ, કેન્સર જેવા રોગો સામે રક્ષણ મળે છે અને જમીનની ફળદ્રુપતા વધે છે. ઓછા ખર્ચ અને સુજબુજથી ખેતી કરીને તેઓ વાર્ષિક અંદાજિત રૂ. ૧૫ થી ૧૬ લાખ જેટલી આવક મેળવી રહ્યા છે.-અખંડ ભારત

## ઉમરેઠ-ભાલેજ રોડ પર ગમખ્વાર અકસ્માતઃ કારની ટક્કરે ઉમરેઠના યુવકનું સ્થળ પર મૃત્યુ, પત્ની ઘાયલ





યુસુફ કટલરીવાળા- ઉમરેઠ અને ભાલેજ રોડ પર કેનાલ પાસે થયેલા માર્ગ અકસ્માતમાં ઉમરેઠના એક યુવકનું કરુણ મૃત્યુ થયું છે.ઉમરેઠના અરવિંદભાઈ શંકરભાઈ સોઢાના પુત્ર કિરણભાઈ (ઉં.વ. ૩૦) તેમની પત્ની સેજલબેન સાથે હોન્ડા સાઈન મોટરસાયકલ પર આગરવાથી તારપુરા તરફ જઈ રહ્યા હતા. ત્યારે GJ 27 AP 9962 નંબરની હ્યુન્ડાઇ ક્રેટા કારે તેમની મોટરસાયકલને ટક્કર મારતાં કિરણ સોઢાનું સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હતું.જ્યારે કિરણભાઈના પત્ની સેજલબેનને માથા અને હાથમાં ઈજા પહોંચતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.-અખંડ ભારત

## તળાજા તાલુકાના ટીમાણા સહિતના ગામોમાં કમોસમી વરસાદથી ખેડૂતો પાયમાલ, તાત્કાલિક વળતર ચૂકવવા માંગ

મનુભાઈ કોતર -ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ટીમાણા ગામમાં બે દિવસમાં આશરે ૭.૫ ઈંચ જેટલો ભારે કમોસમી વરસાદ પડ્યો છે. જેના કારણે ટીમાણા, હબુકવાડ, નેશિયા, સેવાળીયા, ભદ્રાવળ, દિહોર સહિતના આજુબાજુના ગામોમાં ખેતીના પાકને ભારે નુકસાન થયું છે.મગફળી, કપાસ, જુવાર, સોયાબીન અને કઠોળ જેવા તૈયાર પાકો વરસાદના પાણીમાં પલળી જવાથી ધરતીપુત્રોની હાલત કફોડી બની છે. ખેતીના પાક સાથે સાથે પશુઓ માટેનો ઘાસચારો પણ પાણીમાં ડૂબી જવાથી સંપૂર્ણપણે બગડી ગયો છે. ખેડૂતોએ રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક સર્વે કરાવીને વિશેષ રાહત પેકેજ જાહેર કરવા અને ઝડપથી વળતર ચૂકવવા વિનંતી કરી છે.-અખંડ ભારત




## ભીલોડા અને શામળાજી તાલુકાના વ્યાજબી ભાવના દુકાનદારો દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું




ડી.કે.પટેલ-રાહુલ ભગોરા - અરવલ્લી જિલ્લાના ભીલોડા અને શામળાજી તાલુકાના વ્યાજબી ભાવના દુકાનદારો દ્વારા તેમની પડતર માંગણીઓના સંદર્ભમાં મામલતદારશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.દુકાનદારોની મુખ્ય માંગણીઓમાં (૧) મળતા કમિશનમાં વધારો કરવો, (૨) સર્વર ડાઉન થવાના પ્રશ્નનું ઝડપી નિવારણ લાવવું, (૩) ગોડાઉનમાંથી જનરેટ થતા D.C. મુજબ માલ એકસાથે મળે તેવી વ્યવસ્થા કરવી અને (૪) કોરોના દરમિયાન મૃત્યુ પામેલા દુકાનદારને સહાયના પેન્ડિંગ કેસોનો ઝડપી નિકાલ કરવો, વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ માંગણીઓ અંગે કાર્યવાહી કરવા માટે સર્વ દુકાનદારોએ રજૂઆત કરી હતી.-અખંડ ભારત

## ટીંબીની નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના ૫૦૦૦ દિવસ પૂર્ણઃ ૩૦ ઓક્ટોબરે પંચ સહૂાદિન માનવસેવા મહાયજ્ઞ મહોત્સવ અને રક્તદાન શિબિર યોજાશે

જીજ્ઞેશ બારૈયા -ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીબી મુકામે પૂજ્યપાદ સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા સ્થાપિત નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ દ્વારા સતત નિઃશુલ્ક આરોગ્ય સેવાના ૫૦૦૦ દિવસ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. આ નિષ્કામ સેવાના ઉપલક્ષમાં તારીખ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ (ગુરુવાર) ના રોજ 'પંચ સહસ્રદિન માનવસેવા મહાયજ્ઞ મહોત્સવ' અને રક્તદાન મહાશિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.છેલ્લા ૧૫ વર્ષમાં આ નિઃશુલ્ક હોસ્પિટલે ૩૧ લાખ દર્દીઓની સારવાર, ૧૫ લાખથી વધુ નિદાન અને ૯૬,૦૦૦થી વધુ નિઃશુલ્ક ઑપરેશનો કર્યા છે. સાથે જ, ૩૯ લાખથી વધુ અતિથિઓને સાત્વિક ભોજનની સેવા પણ પૂરી પાડી છે. હોસ્પિટલ અદ્યતન લેબોરેટરી, સોનોગ્રાફી, એક્સ-રે અને વિશેષજ્ઞો દ્વારા તમામ પ્રકારના રોગોની સારવાર, પ્રસૂતિ સેવા, દંત સારવાર અને અનેકવિધ સેવાઓ તદ્દન વિનામૂલ્યે પૂરી પાડે છે.મહોત્સવના દિવસે સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ અને સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજના પરોપકારલક્ષી પ્રવચન અને સમૂહ ભોજન મહાપ્રસાદનું આયોજન થશે. આ ઉપરાંત, ૨૯ અને ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ એમ બે દિવસ સવારે ૮.૩૦ થી બપોરે ૩.૦૦ કલાક દરમિયાન રક્તદાન મહાશિબિર પણ યોજાશે.-અખંડ ભારત

## કડાણામાં કમોસમી વરસાદથી પાકને નુકસાનઃ ભાજપ મંડળ દ્વારા સર્વે અને આર્થિક સહાય માટે મામલતદારને રજૂઆત



મણિલાલ તાવિયાડ - મહીસાગર જિલ્લાના કડાણા તાલુકા ભાજપ મંડળ દ્વારા કડાણા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.તા. ૨૬ અને ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન સમગ્ર ગુજરાતની સાથે કડાણા તાલુકાના વિસ્તારોમાં પણ વરસેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના તૈયાર પાકને થયેલા ભારે નુકસાન અંગે કડાણા ભાજપ મંડળના પ્રમુખ પર્વતભાઈ કે. ડામોરના માર્ગદર્શન હેઠળ હોદ્દેદારો અને કાર્યકરોએ મામલતદારશ્રીને તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવામાં આવે તેવી માંગણી કરી હતી.-અખંડ ભારત

## ગળતેશ્વર તાલુકામાં સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદઃ ડાંગર, ઘાસચારા અને તમાકુના પાકને વ્યાપક નુકસાન, ખેડૂતો ચિંતિત



રાઠોડ ઈન્દ્રજીતસિંહ -ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં હવામાન વિભાગની આગાહી વચ્ચે સતત ત્રીજા દિવસે પણ ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો છે, જેના કારણે ખેડૂતોમાં ભારે ચિંતા વ્યાપી છે.આ અણધાર્યા વરસાદના કારણે ખેતરોમાં તૈયાર થયેલા ડાંગરનો પાક, ઘાસચારો અને ખાસ કરીને તમાકુના પાકને સૌથી વધુ નુકસાન થવાની સંભાવના છે. પાક પલળી જવાથી તેની ગુણવત્તા બગડશે, જેના પરિણામે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડશે.ગળતેશ્વરના ખેડૂતોએ રાજ્ય સરકાર પાસે તાત્કાલિક ધોરણે પાકના નુકસાનનો સર્વે કરાવીને વહેલી તકે યોગ્ય સહાય પૂરી પાડવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.-અખંડ ભારત

## સી.એમ. ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના નેતાઓનું ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા સ્નેહમિલન સમારોહમાં અભિવાદન



ભારતીય જનતા પાર્ટી (BJP)ના સ્નેહમિલન સમારંભ દરમિયાન ગુજરાત બ્રહ્મ સમાજ, રાજ્યકક્ષાના અધ્યક્ષ ડો. અશ્વિન ત્રિવેદી દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ પંચાલ અને મહામંત્રી શ્રી રત્નાકરજીનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

## પ્રાંતિજ નેશનલ હાઇવે પર દારૂ ભરેલી કારનો અકસ્માત, બે વ્યક્તિ ઝડપાયા



કુંવરસિહ ચૌહાણ -સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે પર પોલીસે રોકવાનો પ્રયાસ કરતાં દારૂ ભરેલી એક કારના ચાલકે યુ-ટર્ન મારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે પીછો કરતાં કાર ચાલકે પૂરપાટ ઝડપે કાર હંકારી હતી.પોગલું ઓવરબ્રિજ પર કાર ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો હતો. પોલીસે અકસ્માત સ્થળેથી કારમાંથી મોટી સંખ્યામાં દારૂનો જથ્થો કબજે કર્યો છે, અને કાર ચાલક સહિત બે વ્યક્તિઓની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

## બાયડના માર્ગો પર અંબાજી અને પાવાગઢ જતા પદયાત્રીઓની અવરજવર શરૂ



ત્રિલોક પંડ્યા -કારતક પૂનમ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાંથી પસાર થતા માર્ગો પર ધાર્મિક માહોલ જોવા મળી રહ્યો છે. અંબાજી અને પાવાગઢ તરફ પગપાળા જઈ રહેલા પદયાત્રીઓની સંખ્યામાં વધારો થયો છે.ખાસ કરીને અંબાજીના ભક્તો દ્વારા બોલાવવામાં આવતા 'જય જય અંબે'ના નારાઓથી બાયડના માર્ગો ગુંજી ઉઠ્યા હતા, જેનાથી શ્રદ્ધાભક્તિનું વાતાવરણ સર્જાયું છે.-અખંડ ભારત

## શિહોર ખાતે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ બેઠક યોજી




વિકાસભાઈ ચોઈથાની - રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાના અનુસંધાને, રાજ્યમાં કમોસમી વરસાદ અને વાતાવરણના પલટા બાદ ઊભી થયેલી પરિસ્થિતિ અંગે તાત્કાલિક તાગ મેળવવામાં આવ્યો છે.આ સંદર્ભમાં, માનનીય કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ શિહોર મામલતદાર કચેરી ખાતે ભાવનગર જિલ્લાના પદાધિકારીશ્રીઓ અને હોદ્દેદારશ્રીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે વિસ્તૃત માહિતી મેળવી અને જિલ્લા વહીવટી તંત્રને પરિસ્થિતિને અસરકારક રીતે પહોંચી વળવા માટે જરૂરી માર્ગદર્શન અને દિશાનિર્દેશો આપ્યા હતા. રાજ્ય સરકારે નાગરિકો અને ખેડૂતોના હિતને પ્રાથમિકતા આપીને શક્ય સહાય અને જરૂરી પગલાં લેવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.-અખંડ ભારત

## શિહોર નજીક વરલ-દિહોર રોડ પર પ્રવાસીઓની બસ ખૂંચી, તંત્ર દ્વારા જેસીબીની મદદથી બસને બહાર કઢાઈ




વિકાસભાઈ ચોઈથાણી ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદના કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં શિહોરથી વરલ-દિહોરના રસ્તે એક બસ પાણીમાં ખૂંચી ગઈ હતી.સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી આવેલા પ્રવાસીઓ બગદાણાથી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે રોડ પર પાણી ભરાવાને કારણે તેમની બસ ફસાઈ ગઈ હતી. જોકે, તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જેસીબી મશીનની વ્યવસ્થા કરવામાં આવતા બસને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી હતી અને તમામ મુસાફરોને તાત્કાલિક મદદ મળી શકી હતી.-અખંડ ભારત

## રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ રાજુલા APMC ખાતે સરપંચો-ખેડૂતો પાસેથી રજૂઆતો મેળવી



જીજ્ઞેશ બારૈયા -રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ તથા વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ આજે રાજુલા એ.પી.એમ.સી. (APMC) ખાતે જાફરાબાદ અને રાજુલા તાલુકાના ગામડાઓના સરપંચો, ખેડૂતો અને અગ્રણીઓ સાથે મુલાકાત કરી હતી.આ મુલાકાતનો હેતુ કમોસમી વરસાદના પગલે ખેતી પાકોને થયેલી નુકસાની અંગે સીધી રજૂઆતો મેળવવાનો હતો. મુલાકાત દરમિયાન રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ મંત્રીશ્રીને નુકસાની સંદર્ભે વિગતવાર જાણકારી આપી હતી.નોંધનીય છે કે, રાજ્યમંત્રીએ આ બેઠક પહેલા ખેડૂતોના ખેતરે રૂબરૂ જઈને પાક નુકસાનીનો તાગ મેળવ્યો હતો. આ તકે સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો શ્રી જે.વી. કાકડીયા, શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જનક તળાવીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

## શહેરા નજીક વન વિભાગની મોટી કાર્યવાહીઃ વગર પાસ-પરમિટના રૂ. ૪.૨૫ લાખના ઈમારતી લાકડા ભરેલો ટ્રક પકડાયો



શોભનાબેન ડોડીયાર -શહેરા રેન્જ વન વિભાગે પરીક્ષેત્ર વન અધિકારી શ્રી આર.વી. પટેલની સૂચના મુજબ પેટ્રોલિંગ દરમિયાન વગર પાસ-પરમિટથી ઈમારતી લાકડાની ગેરકાયદેસર હેરાફેરી ઝડપી પાડી છે.શહેરા-સાજીવાવ રોડ પર હોસાપુર ગામ પાસેથી ટ્રક નંબર GJ 06/ V 4303 ને અટકાવીને તપાસ કરવામાં આવતા તેમાંથી લીલા તાજા પંચરાઉ સીમળાના લાકડાં મળી આવ્યા હતા. વન વિભાગ દ્વારા લાકડાં સહિત ટ્રકને કબજે લઈને આશરે રૂ. ૪,૨૫,૦૦૦/- (ચાર લાખ પચીસ હજાર) ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આ કામગીરીમાં રા.ફો. એસ.બી. માલીવાડ, વન રક્ષક બી.એન. રાવલ અને વી.એમ. રાઠોડ જોડાયા હતા. વન વિભાગે આ ગેરકાયદેસર હેરાફેરી કરનારાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે.-અખંડ ભારત

## વિજાપુર તાલુકાના સસ્તા અનાજના દુકાનદારો હડતાળના માર્ગે

જાની નૈલેશ -વિજાપુર તાલુકાના સસ્તા અનાજના દુકાનદારોની લાંબા સમયથી પડતર માંગણીઓ સરકાર દ્વારા પૂરી ન થતા તેમણે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.તાલુકાના દુકાનદારોએ આજે વિજાપુર સસ્તા અનાજના દુકાનદારોના પ્રમુખ ઈન્દ્રજીતસિંહ વિહોલની આગેવાની હેઠળ નાયબ મામલતદાર સાહેબને આવેદનપત્ર આપ્યું હતું. આ આવેદનપત્રમાં ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે, જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો તેઓ આગામી



મહિનાથી એટલે કે નવેમ્બર માસથી અનાજનું વિતરણ કરવાથી દૂર રહેશે.-અખંડ ભારત


## દાહોદ જિલ્લા વ્યાજબી ભાવના દુકાનદારો દ્વારા પડતર માંગણીઓ માટે કલેક્ટરને આવેદનપત્ર અપાયું



હસમુખ પ્રજાપતિ-દાહોદ જિલ્લાના સરકાર માન્ય વ્યાજબી ભાવના દુકાનદારો દ્વારા આજે તેમની વર્ષો જૂની પડતર માંગણીઓના સંદર્ભમાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા પુરવઠા અધિકારીને રૂબરૂ મળીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.દાહોદ જિલ્લા ફેર પ્રાઈસ શોપ એસોસિએશનની મુખ્ય ગંભીર માંગણીઓમાં કમિશન વધારો, ઈ-પ્રોફાઈલમાં સહાયકનો ઉમેરો, સિંગલ ફિંગર પ્રિન્ટનો અમલ, સમયસર કમિશનની ચુકવણી અને ટેકનિકલ-વહીવટી પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, દુકાનદારોએ સરકારે બહાર પાડેલા નવા નિયમ મુજબ તકેદારી સમિતિના ૮૦% સભ્યોના બાયોમેટ્રિક લેવાના પરિપત્રને રદ કરવાની પણ સખત માંગણી કરી હતી.એસોસિએશને ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક નિરાકરણ નહી આવે તો ના છૂટકે ગાંધીચીધ્યા માર્ગે આંદોલન કરાશે, જેના ભાગરૂપે નવેમ્બર ૨૦૨૫ના જથ્થાના ચલણ નહી ભરવા અને ૧ નવેમ્બર, ૨૦૨૫ થી વિતરણ પ્રક્રિયાથી સંપૂર્ણપણે અળગા રહેવાની જાહેરાત કરવામાં આવી છે.-અખંડ ભારત

## મોતીપુરા-હિંમતનગર નેશનલ હાઇવે સર્વિસ રોડ પર ખાડાઓને કારણે ભારે ટ્રાફિક જામ, લોકો પરેશાન





સંજીવ શર્મા -હિંમતનગર નેશનલ હાઈવે-૪૮ના મોતીપુરાથી હિંમતનગર સુધીના સિવિલ-સહકારીજીન સર્વિસ રોડ પર કોન્ટ્રાક્ટર અને હાઈવે ઓથોરિટીના અધિકારીઓની બેદરકારીના કારણે સામાન્ય વરસાદમાં પણ મોટા ખાડાઓ પડ્યા છે.આ ખાડાઓને કારણે આજે મોતીપુરા ખાતે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જેના લીધે વાહનચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. માર્ગ પર પાણી ભરાયેલું હોવાથી દુર્ઘટના થવાનો ભય પણ સ્થાનિકોમાં વ્યાપેલો છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે, જવાબદાર અધિકારીઓ દ્વારા સમયસર મરામત ન થતાં લોકોની સુરક્ષા જોખમાઈ રહી છે. તેમણે તાત્કાલિક ખાડાઓ ભરી માર્ગ વ્યવસ્થા સુધારવાની માંગ કરી છે.-અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697